RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 268* Date: 25.07.2022, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં નીરજને સિલ્વર મળ્યો

## પીએમ મોદીએ નીરજ ચોપરાને અભિનંદન પાઠવ્યા




નવીદિલ્હી,તા.૨૪

ભારતના જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ અમેરિકાના યૂઝીનમાં ૧૮મી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો છે.તેણે ૮૮.૧૩ મીટર ભાલો ફેંકીને આ મેડલ હાંસલ કર્યો હતો. ગોલ્ડ ગ્રેનાડાના એન્ડરસન પીટર્સે ૯૦.૪૬ મીટર ભાલા ફેંકમાં જીત મેળવી હતી. આ ઈવેન્ટમાં ભારતનાં રોહિત યાદવ પણ હતા. તેણે ૭૮.૭૨ મીટરના જેવલિન થ્રો સાથે ૧૦મું સ્થાન મેળવ્યું હતું.

પીએમ મોદીએ લખ્યું 'અમારા સૌથી ખાસ એથ્લેટમાંથી એકની શાનદાર સિદ્ધિ. વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ઐતિહાસિક સિલ્વર મેડલ મેળવનાર નીરજ ચોપરાને જીત બદલ અભિનંદન. ભારતીય રમતો માટે આ ક્ષણ ખાસ છે. આગામી સ્પર્ધાઓ માટે નીરજને શુભકામનાઓ.' ૩૯ વર્ષ જૂની વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતનું ગોલ્ડ જીતવાનું સપનું પૂરું થઈ શક્યું નથી. જો કે, ૧૯ વર્ષ બાદ આ ચેમ્પિયનશિપમાં દેશને મેડલ મળ્યો છે. નીરજ પહેલા અંજુ બોબી જ્યોર્જે ૨૦૦૩માં લોન્ગ જંપમાં બ્રોન્ઝ જીત્યો હતો. નીરજ આ ચેમ્પિયનશિપમાં સિલ્વર જીતનાર પ્રથમ એથ્લેટ બની ગયો છે. તેમજ તે પ્રથમ ભારતીય પુરૂષ એથ્લેટ્સ છે, જેણે આ ચેમ્પિયનશિપમાં કોઈ મેડલ જીત્યો છે.

નીરજે ગયા વર્ષે ઓલિમ્પિકમાં ૧૨૦ વર્ષના દુષ્કાળનો અંત લાવ્યો હતો અને ભારત માટે ટ્રેક એન્ડ ફિલ્ડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે આ મેડલ લાવનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હતો. વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનું આયોજન સૌપ્રથમ ૧૯૮૩માં કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી ભારત પાસે એક પણ ગોલ્ડ મેડલ નથી. પુરૂષ ખેલાડીઓ આજ સુધી એક પણ મેડલ જીતી શક્યા નથી. નીરજ ચોપરાના ગામ પાણીપતનાં ખાંદ્રા ખાતે ગ્રામજનો જેવલિન ફાઈનલનું લાઈવ ટેલિકાસ્ટ જાઈ રહ્યા હતાં.

૨૪ વર્ષીય ભારતીય સ્ટાર કોણીની સર્જરીને કારણે ગઈ સિઝનમાં રમી શક્યો ન હતો. ૨૦૧૭ની સિઝનમાં પણ તે ફાઈનલ માટે ક્વોલિફાય થઈ શક્યો નથી. તેણે ૮૨.૨૬ મીટરનો સ્કોર કર્યો હતો.વિજય બાદ નીરજ ચોપરાએ કહ્યું હતું કે પવનને કારણે થોડી મુશ્કેલી થઈ હતી. પરંતુ હું મારું સર્વશ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કરીશ. સ્પર્ધા અઘરી હતી, ઘણું શીખવાનું હતું.નીરજ ચોપરાએ કહ્યું કે હું હંમેશા કહેતો આવ્યો છું કે દરેક એથ્લેટનો એક દિવસ હોય છે. શાબાશ પીટર્સ, આજે પીટર્સનો દિવસ હતો. ઓલિમ્પિકની વાત કરીએ તો પીટર્સ ફાઇનલમાં પણ પહોંચી શક્યા ન હતા. દરેક એથ્લેટ માટે તે ખૂબ જ પડકારજનક છે, દરેક એથ્લેટનું શરીર પણ અલગ છે. ક્યારેય કોઈની સરખામણી થઈ શકતી નથી. બધા હાંફી ગયા. અમે પણ ઘણો પ્રયત્ન કર્યો. સખત સ્પર્ધા હતી. આજની રમતમાંથી ઘણું શીખવા મળ્યું.

જીત બાદ નીરજ ચોપરાએ કહ્યું કે સિલ્વર ખૂબ જ ખુશ છે. તેમણે કહ્યું કે કોઈ અલગ વ્યૂહરચના નથી. ક્વોલિફિકેશન રાઉન્ડમાં ખૂબ જ સારો ફેંકાયો હતો. દરેક દિવસ અલગ છે. અમે હંમેશા અમે વિચારીએ છીએ તે પરિણામો મળતા નથી, પરંતુ તે એક અઘરી લડાઈ હતી, અમે પાછા આવ્યા અને સિલ્વર જીત્યો.

રવિવારનો દિવસ અને સમય લગભગ સવા સાત વાગ્યાનો. પુત્ર સાત સમુદ્રની પાર અમેરિકામાં દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે, તો હજારો કિલોમીટર દૂર હરિયાણાના ખાંદ્રા ગામમાં સંખ્યાબંધ આંખો ટેલિવિઝનની સ્ક્રીન પર ટકેલી હતી. પુત્રએ પોતના લયમાં ભાલો ફેંક્યો...અને સિલ્વર મેડલને પોતાના નામે કરી દીધો. વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં મેડલ જીત્યા પછી નીરજની મા સરોજે તેમની કાકીને મીઠાઈ ખવડાવી હતી.

ઓલિમ્પિકના ગોલ્ડન બોય નીરજ ચોપડાએ વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં સિલવર જીતતા જ પિતાની આંખમાં આસુ આવી ગયા. માતા ડાન્સ કરવા લાગી અને ગામના લોકોને લાડુ વહેંચવા લાગી. નાચતા-નાચતા માતાએ કહ્યું- પુત્ર જેવો ઘરે આવશે, તેને ચુરમું ખવડાવીશ. ઉજવણી દેશની રાજધાની દિલ્હીમાં પણ થઈ અને વડાપ્રધાને કહ્યું- આ ખાસ પ્રસંગ છે.નીરજના પિતા સતીશ કુમારે પોતાના પુત્રની આ ખાસ ઉપલબ્ધિ પર ઉજવણી કરતા કહ્યું કે હાલ તેણે દેશ માટે ગોલ્ડ પણ લાવાનો છે. નીરજની માતા સરોજ દેવીએ કહ્યું કે તે ખૂબ જ ખુશ છે. કઠણ પરિશ્રમનું ફળ મળ્યું. અમને પાક્કી ખાતરી હતી કે તે આ ઈવેન્ટમાં મેડલ જીતશે.

# કોંગ્રેસ પાર્ટીની ઓફિસમાંથી ભાજપના ઝંડા મળ્યા




લખનૌ,તા.૨૪

કોંગ્રેસમાં પણ મોદી યોગી જી હાં,જો તમે ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌમાં કોંગ્રેસ પાર્ટીના કાર્યલયની સ્થિતિ જોશો તે તમને લાગશે કે કોંગ્રેસમાં પણ હવે મોદી યોગી (વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ)ના ગુણગાન થઇ રહ્યાં છે.હકીકતમાં સોશલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઇ રહી છે જેમાં કોંગ્રેસ કાર્યાલયમાં ભાજપના ઝંડા મળ્યા છે.આ વાયરલ વીડિયો લખનૌના એક કોંગ્રેસ કાર્યાલયના છે.તેમાં ઉપરના માળે બનેલ ભવનમાં ખુરશી પર ભાજપના ઝંડા જેવા મળ્યા છે.જયારે બહારની તરફ કોંગ્રેસ પાર્ટીનો ધ્વંજ લહેરાઇ રહ્યો છે આ પોતાના આપમાં ખુબ ચોંકાવનારો વીડિયો છે.

આ વીડિયો પર હજુ સુધી બંન્ને પાર્ટીઓ તરફથી કોઇ પ્રતિક્રિયા સામે આવી નથી જો કે કોંગ્રેસના એક સ્થાનિક કાર્યકર્તાનું કહેવુ છે કે કોઇ અજાણ્યા વ્યક્તિએ કાર્યાલયમાં ભાજપના આ ઝંડા લગાવી દીધા.કેન્દ્રમાં કોંગ્રેસ મુખ્ય વિરોધ પક્ષ છે જયારે ઉત્તરપ્રદેશમાં પાર્ટી ખુદને ફરીથી જીવિત કરવાનો ભરપુર પ્રયાસ કરી રહી છે.

તાજેતરમાં ઉતરપ્રદેશ વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેસનું પ્રદર્શન ખુબ જ ખરાબ રહ્યું હતું. પ્રિયંકા ગાંધીએ વિધાનસભાની ચુંટણીમાં ભરપુર પ્રયાસ કર્યા હતાં અને યુવતી છું લડી શકુ છું જેવા અભિયાન ઉભા કર્યા હતાં આમ છતાં પાર્ટી રાજયમાં ચોથા નંબરની પાર્ટી બની રહી ગઇ છે જો કે કેન્દ્ર સરકારમાં મુખ્ય વિરોધ પક્ષ હોવા છતાં કોંગ્રેસની પાસે લોકસભામાં વિરોધ પક્ષના નેતાનું પદ નથી

લખનૌના કોંગ્રેસ કાર્યાલયમાં ભાજપના ઝંડાવાળી વિડિયો જયાં સોશલ મીડિયા પર ખુબ વાયરલ થઇ રહી છે ત્યાં સ્થાનિક કાર્યકર્તા તેનો લઇ આધાતમાં છે.


આ વીડિયો સામે આવ્યા બાદ કાર્યકર્તાઓની વચ્ચે તેને લઇ હડકંપ જોવા મળી રહ્યો છે. આ વીડિયો ૩૫ સેંકડની છે અને તેમાં ખુરશી પર ભાજપના ૮થી ૧૦ ઝંડા જોવા મળી રહ્યાં છે.

વીડિયોને જોઇને એવું લાગી રહ્યું છે કે કોઇએ આ ઝંડાને સુકવવા માટે રાખ્યા છે.

# છત્તીસગઢમાં ટીએસ સિંહદેવનું મંત્રાલય બીજા નેતાને સોંપી દેવાયું,ભાજપે અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કર્યો છે

## ભાજપનો કોંગ્રેસ સરકાર પર કાનુન વ્યવસ્થા અને કિસાનોના કલ્યાણ સહિત તમામ મોરચા પર નિષ્ફળ હોવાનો આરોપ





રાયપુર,તા.૨૪

છત્તીસગઢ કોંગ્રેસમાં પરસ્પરની લડાઇ તેજ થઇ ગઇ છે.મુખ્યમંત્રી ભુપેશ બધેલે વરિષ્ઠ મંત્રી ટી એસ સિંહદેવનું રાજીનામુ સ્વીકાર કર્યું છે તાજેતરમાં ટીએસ સિંહદેવે પંચાયત અને ગ્રામીણ વિકાસ વિભાગમાંથી રાજીનામુ આપી દીધુ હતું હવે મુખ્યમંત્રી ભુપેશ બધેલે પંચાયત અને ગ્રામીણ વિકાસ વિભાગનો હવાલો રવિન્દ્ર ચૌબેને આપી દીધો છે. હવે ટીએસ સિંહદેવની પાસે ફકત આરોગ્ય વિભાગ છે.એ યાદ રહે કે વિધાનસભામાં ભાજપે ભુપેશ બંધેલના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકારની વિરૂધ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કર્યો હતો.ચોમાસા સત્રના બીજા દિવસે વિરોધ પક્ષોએ મંત્રીપરિષદ પર અવિશ્વાસ વ્યકત કરી પ્રસ્તાવ રજુ કર્યો છે.જયારે અધ્યક્ષ ચરણ દાસ મહંતેએ પ્રસ્તાવ નોટીસ વાંચી અને ૨૭ જુલાઇએ તેના પર ચર્ચાનો સમય નક્કી કર્યો છે.એ યાદ રહે કે ૯૦ સભ્યોવાળી વિધાનસભામાં કોંગ્રેસના ૭૧ ધારાસભ્યો છે.ભાજપના ૧૪,જેસીસી(જે)ના ત્રણ અને બસપાના બે ધારાસભ્યો છે.

વિરોધ પક્ષના નેતા ધરમલાલ કૌશિકે કહ્યું હતું કે ભાજપે કોંગ્રેસ સરકાર પર કાનુન વ્યવસ્થા અને કિસાનોના કલ્યાણ સહિત તમામ મોરચા પર નિષ્ફળ હોવાનો આરોપ લગાવતા તેમની વિરૂધ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નોટીસ આપી હતી.રાજયમાં એક બંધારણીય સંકટ છે કારણ કે એક મંત્રી (ટીએસ સિંહ દેવ જેમણે પોતાનો એક વિભાગ છોડી દીધો છે)તેમને જ પોતાની સરકાર પર વિશ્વાસ વ્યકત કર્યો નથી

માનવામાં આવી રહ્યું છે કે રાજયમાં અઢી અઢી વર્ષ મુખ્યમંત્રી પદની ફોર્મ્યુલા લાગુ ન થવા અને તેની ઉલટ ટી એન સિંહદેવને સતત કિનારે કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.સિંહદેવની વિરૂધ્ધ તેમના જ વિસ્તારમાં બધેલ સમર્થક ધારાસભ્યોએ મોરચો ખોલી દીધો હતો આવામાં સિંહદેવે પંચાયત અને ગ્રામીણ મંત્રાલયથી રાજીનામુ આપી દીધુ છે.

એ યાદ રહે કે મુખ્યમંત્રી નિવાસ પર કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક થઇ હતી જેમાં સિંહદેવ સામેલ થયા ન હતાં એટલું જ નહીં કોંગ્રેસના ૭૧માંથી ૬૪ ધારાસભ્યો જ બેઠકમાં સામેલ થયા વિધાનસભાની બેઠકથી સિંહદેવ સહિત કુલ સાત ધારાસભ્યોએ કિનારો કરી લીધો હતો આવામાં કોંગ્રેસની અંદર શરૂ થયેલી તનાતની હવે જમીન પર આવી ગઇ છે.બધેલના નેતૃત્વવાળી સરકાર પર સંકટ ભલે નજરે પડી રહ્યું ન હોય પરંતુ ટી એસ સિંહદેવ સિંહની સાથે કોંગ્રેસના અન્ય ધારાસભ્યો જોડાશે તો ખતરો ઉભો થઇ શકે છે.

# ભારતીય નૌકાદળમાં 'અગ્નિપથ' યોજના હેઠળ ૩ લાખથી વધુ અરજીઓ મળી

નવીદિલ્હી,તા.૨૪

ભારતીય નૌકાદળમાં હાલ ભરતીની જાહેરાત કરવામાં આવી હતી, નૌકાદળ અગ્નિવીર ભરતી માટે અધધ અરજીઓ મળી છે,જે અગ્નિવીરોની લોકપ્રિયતા સાબિત કરે છે. આ અંતર્ગત અરજી કરવાની છેલ્લી તારીખ ૨૨ જુલાઈ રાખવામાં આવી હતી. હાલમાં, સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી છે કે ભારતીય નૌકાદળમાં 'અગ્નિપથ' યોજના હેઠળ ભરતી માટે ૩ લાખથી વધુ અરજીઓ મળી છે.

સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ ટ્વીટ કર્યું કે નેવીમાં અગ્નિવીરોની જગ્યાઓ માટે અત્યાર સુધીમાં કુલ ૩,૦૩,૩૨૮ અરજીઓ મળી છે. એક ટ્વિટમાં, સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ લખ્યું, ''ભારતીય નૌકાદળમાં અગ્નિવીર માટે અત્યાર સુધીમાં કુલ ૩,૦૩,૩૨૮ અરજીઓ મળી છેપ ૨૨મી જુલાઈ સુધી ૩,૦૩,૩૨૮ અરજીઓ મળી છે.''ઉલ્લેખનીય છે કે ભારતીય નૌસેનાએ ૨ જુલાઈના રોજ અગ્નિવીર યોજના હેઠળ ભરતી પ્રક્રિયા શરૂ કરી હતી. આ યોજના આ વર્ષે ૧૪મી જૂને લોન્ચ કરવામાં આવી હતી. જે બાદ દેશના મોટાભાગના ભાગોમાં આ અંગે વિરોધ જોવા મળ્યો હતો. હાલમાં, સાડા ૧૭ થી ૨૧ વર્ષની વયજૂથના યુવાનોને ચાર વર્ષના કાર્યકાળ માટે આ યોજના હેઠળ સામેલ કરવામાં આવશે.

# સ્મૃતિ ઈરાનીની દીકરીના સમર્થનમાં આવી શિવસેના સાંસદ પ્રિયંકા, કહ્યું- ૧૮ વર્ષના બાળકને બદનામ ન કરો

મુંબઇ,તા.૨૪

કોંગ્રેસે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીની પુત્રી પર ગોવામાં ગેરકાયદેસર બાર ચલાવવાનો આરોપ લગાવ્યો છે. હવે શિવસેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ આ મામલે સ્મૃતિ ઈરાનીનું સમર્થન કર્યું છે. પ્રિયંકાએ ટ્વીટ કરીને સ્મૃતિ ઈરાનીનો બચાવ કર્યો છે.

પ્રિયંકા ચતુર્વેદીના ટ્વીટ પર એક સોશિયલ મીડિયા યુઝરે તેને સવાલ કર્યો હતો.

તેણીએ પૂછ્યું કે શું તેણીએ આ જ વાત કહી હોત તો પણ જો આરોપ એક સામાન્ય નાગરિક પર લગાવવામાં આવ્યો હોત.

આ અંગે પ્રિયંકાએ કહ્યું, 'મારો ભાઈ કોઈપણ પ્રકારની વિશેષાધિકૃત પૃષ્ઠભૂમિમાંથી આવ્યો નથી. ૧૮ વર્ષની ઉંમરે પણ તેણે આવું જ સપનું જોયું હતું. મુંબઈમાં તેમનું સપનું સાકાર કરવાનો પ્રયાસ કરતી વખતે તેમને ભારે નુકસાન થયું હતું. આ સાથે તેને માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો પણ સામનો કરવો પડ્યો હતો. તો હા, હું જાણું છું કે મને શું ચિંતા છે.'

હકીકતમાં કોંગ્રેસે શનિવારે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીની પુત્રી પર ગોવામાં ગેરકાયદેસર બાર ચલાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાનીને તેમની કેબિનેટમાંથી કાઢી મૂકવી જોઈએ. કોંગ્રેસના મીડિયા અને પ્રચારના વડા પવન ખેરાએ કહ્યું કે, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના પરિવાર પર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો છે.

# દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ પદના શપથ લેશે , સમારોહમાં ખાસ પરંપરાગત સંથાલી સાડી પહેરશે

નવીદિલ્હી,તા.૨૪

નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સોમવારે દેશના સર્વોચ્ચ બંધારણીય કાર્યાલયના શપથ લેશે અને આ દરમિયાન તેઓ પરંપરાગત સંથાલી સાડીમાં જોવા મળી શકે છે. મુર્મુની ભાભી સુકરી ટુડુ પૂર્વ ભારતમાં સંથાલ સમુદાયની મહિલાઓ દ્વારા પહેરવામાં આવતી ખાસ સાડી સાથે દિલ્હી આવી રહી છે. સુકરી તેમના પતિ તારિનીસેન ટુડુ સાથે શનિવારે સંસદના સેન્ટ્રલ હોલમાં શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેવા માટે રાષ્ટ્રીય રાજધાની જવા રવાના થયા હતા. સુકરીએ કહ્યું કે હું દીદી માટે પરંપરાગત સંથાલી સાડી લાવી છું અને આશા રાખું છું કે તે શપથ ગ્રહણ સમારોહ દરમિયાન પહેરશે. મને હજુ પણ ખબર નથી કે તે ખરેખર આ પ્રસંગ માટે શું પહેરશે.રાષ્ટ્રપતિ ભવન નવા રાષ્ટ્રપતિનો પહેરવેશ નક્કી કરશે.'' સંથાલી સાડીના એક છેડે કેટલાક પટ્ટાવાળા કામ હોય છે અને સંથાલી સમુદાયની મહિલાઓ તેને ખાસ પ્રસંગોએ પહેરે છે. સંથાલી સાડીઓની લંબાઈ એકસરખી પટ્ટાઓ હોય છે અને બંને છેડા પર સમાન ડિઝાઈન હોય છે. સુકરી તેના પતિ અને પરિવાર સાથે મયુરભંજ જિલ્લાના રાયરંગપુર પાસે આવેલા ઉપરબેડા ગામમાં રહે છે. તેણીએ કહ્યું કે તે મુર્મુ માટે પરંપરાગત સ્વીટ 'અરિસ્સા પીઠા' પણ લઈ રહી છે. દરમિયાન, મુર્મુની પુત્રી અને બેંક અધિકારી ઈતિશ્રી અને તેના પતિ ગણેશ હેમબ્રમ નવી દિલ્હી પહોંચી ગયા છે અને ચૂંટાયેલા રાષ્ટ્રપતિ સાથે રહે છે.ભાજપના એક વરિષ્ઠ નેતાએ કહ્યું, ''ચૂંટાયેલા રાષ્ટ્રપતિના પરિવારના માત્ર ચાર સભ્યો—ભાઈ, ભાભી, પુત્રી અને જમાઈ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે.'' સંસ્કૃતિ અને પરંપરાની ઝલક જોઈ શકાય છે. બીજુ જનતા દળના પ્રમુખ અને ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક શનિવારે રાષ્ટ્રીય રાજધાનીની ચાર દિવસીય મુલાકાતે રવાના થયા છે. તેઓ મુર્મુના શપથ ગ્રહણ સમારોહમાં પણ હાજરી આપશે. સૂત્રોએ જણાવ્યું કે મયુરભંજ જિલ્લાના છ બીજેપી ધારાસભ્યો ઉપરાંત, ઈશ્વરિયા પ્રજાપતિની રાયરંગપુર શાખાના ત્રણ સભ્યો બ્રહ્માકુમારી બ્રહ્માકુમારી સુપ્રિયા, બ્રહ્માકુમારી બસંતી અને બ્રહ્માકુમાર ગોવિંદ પણ નવી દિલ્હી પહોંચ્યા છે અને મુર્મુને મળ્યા છે.

# તંત્રી સ્થાનેથી...

## વૈદિક સંસ્કૃતિની અવહેલના

*નવા નિર્માણ થતા સંસદ ભવનની ટોચ પર હાલમાં રાષ્ટ્રીય પ્રતીક 'અશોક સ્તંભ' સ્થાપિત કરવામાં આવ્યો. આ કાર્યક્રમ પર સ્વયંભૂ સેક્યુલર, ડાબેરીઓ અને ઉદારવાદીઓએ રોકકળ મચાવી. એવો વિમર્શ ઊભો કરાયો કે આ સ્તંભના સિંહોની મુદ્રા-ભાવ સારનાથમાં મૂકેલ મૂળ કૃતિથી અલગ છે. અસલમાં આ ઉત્કંઠા સિંહોના હાવભાવ મુદ્દે જ નહીં, પરંતુ વડાપ્રધાન મોદી દ્વારા વૈદિક પદ્ઘતિને અનુરૂપ પૂજા કરવાને કારણે પણ છે. આવો વાંધો બૌદ્ઘિક ચાલાકીનું ઉદાહરણ છે. શું ભારતમાં સેક્યુલરવાદનો અર્થ એ જ છે કે વ્યવસ્થા 'ધર્મ' વિહીન થઈ જાય? ધર્મ અને મજહબ (રિલીજન) બંને અલગ સંજ્ઞા છે. વૈદિક સંસ્કૃતિ સંકીર્ણ નથી, પરંતુ સમસ્ત બ્રહ્માંડના કલ્યાણની ભાવના ધરાવે છે. એવામાં તેને મજહબી ચશ્માંથી જોવું ખોટું છે. તેમાં શાંતિ, એક્તા અને ભાઈચારાના ભાવ સમાયેલા છે. જો વડાપ્રધાને રાષ્ટ્રીય પ્રતીકના અનાવરણ પર વૈદિક અનુષ્ઠાન કર્યું, તો તેમણે એ જ સનાતન પરંપરાને આગળ વધારી, જેને પ્રથમ વડાપ્રધાન નેહરુએ સ્થાપિત કરી હતી. મોટાભાગના વાચકોને ૧૪-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની મધ્યરાત્રિએ નેહરુનું પ્રસિદ્ઘ ભાષણ 'ટ્રસ્ટ વિથ ડેસ્ટિની' તો યાદ હશે, પરંતુ તેના પહેલાંના ઘટનાક્રમથી બહુ ઓછા લોકો પરિચિત હશે.*

*અંગ્રેજો દ્વારા ભારતને સત્તા હસ્તાંતરણ માત્ર રાજકીય અને કાનૂની રૂપે જ નહોતું થયું, પરંતુ તેને વૈદિક રીતોથી પણ સંપન્ન કરાવવામાં આવ્યું હતું. પંડિત નેહરુએ રાજકાજ એ જ વૈદિક અનુષ્ઠાન એ શ્રદ્ઘા સાથ સંભાળ્યું હતું, જેનું વહન સદીઓથી અનેક હિંદુ શાસક પોતાના 'રાજ્યાભિષેક' દરમ્યાન કરતા રહ્યા. આ અવિસ્મરણીય ઘટનાનો ઉલ્લેખ દક્ષિણ ભારતની કેટલીક તત્કાલીન પત્રિકાઓ, 'ટાઈમ' મેગેઝિન અને લેરી કોલિન્સ-ડોમિનીક લેપિયરના પુસ્તક 'ફ્રીડમ એટ મિડનાઈટ'માં છે. તેને સંબંધિત વિવરણ અનુસાર 'જ્યારે માઉન્ટબેટને નેહરુને પૂછ્યું કે ભારતને કયા અનુષ્ઠાનથી સ્વતંત્રતા આપવામાં આવે, ત્યારે નેહરુએ સી. રાજગોપાલાચારી એટલે કે રાજાજી સાથે સલાહ-વિમર્શ કરીને તેમણે તમિલનાડુ સ્થિત હિંદુ મઠ 'તિરુવદુથુરાઈ અધીનમ' (મઠના સંન્યાસી વડા)નો પારંપરિક કર્મકાંડ માટે સંપર્ક કર્યો. ત્યારે મઠ દ્વારા સુવર્ણ મંડિત પાંચ ફીટ લાંબો અને બે ઈંચ જાડો 'રાજદંડ' તૈયાર કરવામાં આવ્યો. રાજદંડ ધર્મ અને શક્તિ બંનેનું પ્રતીક હોય છે. ભારત સરકાર દ્વારા વિશેષ વિમાન દ્વારા એ રાજદંડને બે વિશેષ મુનિઓ સાથે દિલ્હી લાવવામાં આવ્યો. ૧૪ ઓગસ્ટે બંને પૂજારી પોતાના અન્ય અનુચરો સાથે વૈદિક મંત્રોચ્ચાર અને અનુષ્ઠાનિક વાદ્યયંત્ર 'નાદસ્વરમ'થી સુશોભિત અન્ય દેશજ પરંપરાઓનું વહન કરતાં નેહરુના નિવાસ પર પહોંચ્યા. ત્યારે પૂજારીઓ પાસે એક મોટી ચાંદીની થાળી હતી, જેમાં ભગવાનને સમર્પિત વસ્ત્ર પિતાંબર મૂકવામાં આવ્યું હતું. પહેલાં રાજદંડ માઉન્ટબેટનને આપવામાં આવ્યો. પછી તેમની પાસેથી લઈને તેને પવિત્ર ગંગાજળથી પવિત્ર કરીને વૈદિક છંદો સાથે નેહરુને પિતાંબર ઓઢાડીને સોંપી દેવામાં આવ્યો. એક પૂજારીએ તાંજોરથી લાવેલા પવિત્ર જળને નેહરુ પર છાંટીને તિલક કર્યું. તેમને ભગવાન શિવને અર્પિત થોડા રાંધેલા ભાત પણ આપ્યા. તે રાજદંડ આજે પણ પ્રયાગરાજ સંગ્રહાલયમાં સુરક્ષિત છે. એ જ દરમ્યાન ડો. રાજેન્દ્ર પ્રસાદના આવાસ પર પણ કેળના પાનથી બનાવવામાં આવેલ અસ્થાયી લઘુ મંદિરમાં પવિત્ર અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવ્યો. તેમ છતાં બૌદ્ઘિક ધૂર્તતા જુઓ કે આ પ્રકરણ દાયકાઓ સુધી એટલા માટે છૂપાવી રાખવામાં આવ્યું, જેથી વિકૃત સેક્યુલર વિમર્શને આગળ વધારી શકાય.*


## બસ..



હુસૈન ગાહા'હુસૈન' (વડાળા ગીર)

હતા હમ સફર , ક્યા? સહારા કદી બસ!<br>
હતા દિવસો એવા , અમારા કદી બસ.<br>
હતા સાથ એ તો , હતો શું પછી ગમ?<br>
હતા એજ એકે , હજારા કદી બસ.<br>
મને યાદ છે ઉમ્રનો એ પડાવ ,<br>
હતા હાથમાં , ચાંદતારા કદી બસ!<br>
તમે સાજ પર ધૂન છેડી હતી જે,<br>
ન ગાયા અમે એ તરાના કદી બસ.<br>
ડૂબી'ગ્યા વહાણો વમળ માં 'હુસૈન''<br>
તર્યા 'તા શાનથી 'તરાપા' કદી બસ!

## શ્રદ્ધા રાખે છે



ગીરીશ મકવાણા (કોડીનાર)

ખુદની લાગણી ને માન આપે છે,<br>
ને પાછું મારું પણ ધ્યાન રાખે છે.<br>
કરે છે પછી અનેક વાર ભૂલો,<br>
તે છતાંય માફી ની ચાહ રાખે છે,<br>
કરી તો દઉં છું હરેક વાર માફ એને,<br>
એટલે તો એ મારા પર વિશ્વાસ રાખે છે.<br>
કરું પુરી હું એની એક ઈચ્છા ત્યાં તો,<br>
એ બીજી ઈચ્છા મારી સામે રાખે છે.<br>
નથી હું કંઈ ભગવાન કોઈનો તે છતાં,<br>
'ગીરીશ' પર ભગવાન જેટલી શ્રદ્ધા રાખે છે.

## શીર્ષક:ચોમાસું બેઠું

કેતનકુમાર કાંતિલાલ બગથરિયા 'રાહી' (રાજકોટ)



મલકે છે મન ને છલકે છે હૈયું,<br>
નક્કી ક્યાંક ચોમાસું બેઠું,<br>
આકાશી ડોળ ને પવનનું ફરવું,<br>
કાનન સળવળતું નક્કી ચોમાસું બેઠું,<br>
વાદળોની રમઝટ આકાશનું ગાવું,<br>
વિજળીનુ નર્તન નક્કી ચોમાસું બેઠું,<br>
મોરનું નૃત્ત ને કોયલનું ગાવું,<br>
ધરા પુલકિત નક્કી ચોમાસું બેઠું,<br>
ધોમધાર વરસતું વાદળને મળવું તારું,<br>
માદક સ્મિતને હૃદયે મારે ચોમાસું બેઠું.

# સર્વ મુમુક્ષુને માર્ગદર્શન આપતો અદભૂત ગ્રંથ સંપૂર્ણ અવતાર વાણી-૫

અવતારવાણીના માધ્યમથી નિરંકારી બાબા યુગપુરૂષ બાબા અવતારસિંહજી મહારાજએ આધ્યાત્મિક અને સામાજીક ક્ષેત્રોમાં સમાજનું માર્ગદર્શન કર્યું છે.અનન્ય ભક્તિનું સ્વરૂપ બતાવતાં સદગુરૂ કહે છે કે પ્રભુનો અનન્ય ભક્ત એ છે કે જે સર્વવ્યાપી નિરાકાર પરમાત્માનાં ઘટ ઘટમાં દર્શન કરીને તમામની સાથે પ્રેમ કરે છે અને તેમને પ્રભુનું સ્વરૂપ સમજીને તમામનો સત્કાર કરે છે.સંસારના તમામ માનવોને આ પ્રભુ પરમાત્માની સાથે જોડે છે અને માનવને ભવસાગરથી પાર કરવામાં સહાયતા કરે છે.

મનુષ્યની આત્માને પરમાત્મા સંગ જોડવા જેવો સંસારમાં બીજો કોઇ પરોપકાર નથી.સંસારમાં આવીને પ્રભુને જાણવા એ જ મનુષ્યજીવનનું લક્ષ્ય છે.પ્રભુનો અનન્ય ભક્ત શ્વાસે શ્વાસે પ્રભુનું સુમિરણ કરે છે તે પ્રભુ પરમાત્માને ક્યારેય ભૂલતા નથી.આજનો માનવ અજ્ઞાનતાના કારણે દુઃખી છે તેમને પ્રભુજ્ઞાન પ્રદાન કરવું એ જ સૌથી મોટું ભલાઇનું કાર્ય છે.જેને ઈશ્વરનાં દર્શન થઇ જાય છે તેમની વૃત્તિ વિશાળ બની જાય છે,તેમનામાં વિશ્વબંધુત્વની ભાવના જાગ્રત થઇ જાય છે.

મોહની સમાપ્તિઃજ્યારથી સદગુરૂએ મને તેમના શ્રીચરણોમાં સ્થાન આપ્યું છે ત્યારથી મારા તમામ સંશયો તથા ભ્રાંતિઓ સમાપ્ત થયાં છે.મારા હૃદયમાંની તમામ ચિંતાઓ દૂર થઇ છે કારણ કે મને સમજ આવી ગઇ છે કે કરનકરાવનહાર પ્રભુ પરમાત્મા જ છે એટલે કે તમામ કાર્ય પ્રભુની આજ્ઞાથી જ થાય છે. તેમની આજ્ઞા વિના એક પાન પણ હાલી શકતું નથી.તમામ સ્થાનો પર એક પ્રભુ પરમાત્મા જ વિદ્યમાન છે એટલે કે સમગ્ર જગત પોતાનું કુટુંબ પ્રતિત થાય છે.વેર વિરોધ ઈર્ષ્યા..વગેરે દુઃખ દૂર થાય છે.સંસારના તમામ સહારાઓ જૂઠા છે અને એકમાત્ર પ્રભુ પરમાત્માનો સહારો જ સત્ય છે.જ્યારથી મને દયાળુ સદગુરૂ મળ્યા છે,મારૂં જન્મ-મરણનું દુઃખ દૂર થયું છે.હવે હું હંમેશાં આ પ્રભુના ગુણાનુવાદ ગાતો રહું છું અને પોતાના સદગુરૂનો ધન્યવાદ કરૂં છું.

મૂર્ખ લોકો ચિન્તા કરે છે જ્યારે સંતજનો જે સત્ય પરમાત્માને જાણ્યા છે,હંમેશાં તેની યાદમાં મસ્ત રહે છે.પ્રભુ સુમિરણથી જ ક્લેશ કંકાશનો વિનાશ થાય છે,સુખ પ્રાપ્ત થાય છે.હરક્ષણ પ્રભુનું સુમિરણ થાય, સંતોનો સંગ મળે તો જ સદબુદ્ધિ પ્રાપ્ત? થાય છે.જો કોઇ મનુષ્ય માનરહિત,અસહાય અને દીન હોય,જેની કોઇ આબરૂ પણ ના હોય,ગરીબીના કારણે તેને કોઇ ઓળખતું પણ ના હોય,તણખલાથી પણ વધુ નિર્બળ હોય,આદર સત્કાર પણ મળતો ના હોય, ઘરહીન-વસ્ત્રહીન હોય અને ખાવા માટે અન્ન પણ જેને ના મળતું હોય,ભાગ્યમાં ગરીબાઇ લખાયેલી હોવાથી જેના ભાગ્યના બદલવાની સંભાવના પણ ના હોય તેવો કંગાલ વ્યક્તિ પણ સદગુરૂના શરણમાં જઇ નામધન પ્રાપ્ત કરી લે તો ક્ષણભરમાં અમીર બની જાય છે એટલે કે પલભરમાં તેનું જીવન બદલાઇ જાય છે.ગમે તેવો મહાન પાપી હોય તો પણ જ્ઞાનરૂપી નૌકા દ્વારા નિઃસંદેહ સંસારરૂપી સમુદ્રથી તરી જાય છે.

અનશ્વર સત્તાઃનિરાકાર પ્રભુ પરમાત્મા કણકણમાં વ્યાપ્ત છે તે દરેક જગ્યાએ વ્યાપક છે.સંપૂર્ણ સંસારમાં ફક્ત એક પ્રભુ જ વિદ્યમાન છે.સમયના સદગુરૂએ તેમનું નામ નિરાકાર રાખ્યું છે.સમગ્ર સૃષ્ટિની રચના આ પ્રભુએ કરી છે અને તે જ આ સૃષ્ટિનો માલિક છે.આ જગતનું કોઇ સ્થાન પ્રભુ વિના ખાલી નથી. એક જ ઈશ્વર તમામ પ્રાણીઓમાં છુપાયેલા છે.સર્વવ્યાપક..તમામ પ્રાણીઓના આત્મા તથા કર્મોના નિરીક્ષકનો તમામ પ્રાણીઓમાં નિવાસ છે તે સાક્ષી..ચેતન તથા નિર્ગુણ છે.લોકદૃષ્ટિથી ભિન્ન ભિન્ન પ્રતિત થનારા તમામ પ્રાણીઓ અને પોતે પોતાને અવિનાશી પરમાત્માથી અભિન્ન સમજવા એ જ વાસ્તવમાં સાચું જ્ઞાન છે.મનુષ્ય જ્યારે સદગુરૂ કૃપાથી પ્રભુનાં દર્શન કરી લે છે તો સદૈવ ઈશ્વરનાં દિદાર કરતાં કરતાં આ જીવનમાં આનંદ પ્રાપ્ત કરતાં કરતાં અંતમાં મૃત્યુ બાદ મુક્ત થઇ જાય છે.ઈશ્વરનાં દર્શન કરવાથી અજ્ઞાનતા નષ્ટ્ થઇ જાય છે.તેને જ્ઞાન થઇ જાય છે કે હું તો નિમિત્તમાત્ર છું ત્યારે તેનો મોહ સમાપ્ત્ થઇ જાય છે તેના ભ્રમ નષ્ટ થઇ જાય છે અને સંદેહ દુર થઇ જાય છે.તે પ્રભુને સમર્પિત થઇ પ્રભુ આજ્ઞા અનુસાર કર્મ કરે છે.

ગુરૂદેવ માનવોને સતેજ કરતાં કહે છે કે હે માનવ..ખોટી ચિન્તાઓ કરીને વ્યર્થમાં સમયને નષ્ટ ના કરશો પરંતુ શ્વાસે શ્વાસે પ્રભુને યાદ કરો.અંત સમયે પ્રભુ જ તારા માટે ઉપયોગી સિદ્ધ થવાના છે.પ્રભુ પરમાત્માની આજ્ઞાથી જ દિવસ-રાત,સૂરજ-ચાંદ,ધરતી અને પાણી સંસારમાં ઉપલબ્ધ છે.સંસારના દરેક પ્રાણી તેમના હૂકમથી જ કામ કરી રહ્યા છે.પ્રભુની મરજી વિના એક પાન પણ હાલી શકતું નથી તથા કોઇને કાંઇપણ મળી શકતું નથી. પરમપિતા પરમાત્મા જ સમગ્ર સંસારને બનાવીને તેની પાલના કરી રહ્યા છે અને સંસારમાં જે કંઇ થઇ રહ્યું છે તે પ્રભુની લીલામાત્ર છે.પ્રભુ જ જીવમાત્રની ચિન્તા કરે છે માટે મનુષ્યએ ફક્ત સદગુરૂ કૃપાથી નામધન મેળવી તેમને સમર્પિત થઇ હંમેશાં અનન્યભાવથી હૃદયમાં પ્રભુને વસાવી લે તો તેમનો આલોક અને પરલોક સુખી બને છે.

તત્વજ્ઞાનને જાણવા માટે નિરાભિમાની બનીને વેદશાસ્ત્રોના જ્ઞાતા તત્વદર્શી મહાત્મા પાસે જઇ સમર્પણ કરવાથી જ પરમાત્માનાં દર્શન થાય છે પછી જ અલૌકિક આનંદની પ્રાપ્તિ થાય છે.

હે પ્રભુ ! તારી કૃપાનું વર્ણન કરવું તારી ઈચ્છાનું અનુમાન કરવું ઘણું જ કઠિન છે.તમારાથી વિમુખ (માયામાં લિપ્ત ) રહેનારા જીવો કોઇપણ પ્રકારનું સુખ પ્રાપ્ત કરી શકતા નથી.ગુરૂજ્ઞાનના માધ્યમથી પ્રભુને જાણ્યા વિના જીવનને સફળ કરવું મુશ્કેલ છે.જેવી રીતે એક જ ચિનગારી ઘાસના મોટા ઢગલાને રાખ કરી નાખે છે તેવી જ રીતે બ્રહ્મજ્ઞાન પણ મનુષ્યના પાપકર્મોને તથા તમામ શુભ અશુભ કર્મોને ભસ્મસાત કરી દે છે એટલે કે બ્રહ્મજ્ઞાનીનાં તમામ કર્મબંધન ભસ્મ થઇ જાય છે જેનાથી દેહનો પુનઃ જન્મ થતો નથી.જ્યારે કાર્ય અને કારણરૂપ પરમાત્માનાં દર્શન થઇ જાય છે તો તમામ સંશયો નષ્ટ થઇ જાય છે.જ્ઞાનદૃષ્ટિથી સંસારની દોરને ધારણ કરનાર સૂત્રધારનાં દર્શન કરી લેવાથી મનુષ્ય?ને સમજ આવી જાય છે કે કરનકરાવનહાર પ્રભુ પરમાત્મા છે.નિઃસ્વાર્થભાવથી સંસારમાં રહીને ભલે પોતાનો કારોબાર કરો, પોતાના પરીવાર તથા સબંધીઓની સાથે તેમને ઈશ્વરનું સ્વરૂપ સમજી અનાસક્ત થઈને પ્રેમ કરો પરંતુ ઈશ્વરને ક્યારેય ના ભૂલવા કારણ કે આ માયાવી સંસારમાં તો થોડા સમય માટે જ રહેવાનું છે છેલ્લે તો એક પ્રભુ પરમાત્મામાં જ સમાવવાનું છે. દરેક સમયે અંગસંગ રહેવાવાળા પરમાત્માનું ધ્યાન હંમેશાં કરતા રહો.સંતોનું સન્માન હંમેશાં કરો કારણ કે સંતનું સન્માન એ ઈશ્વરનું સન્માન છે.મનુષ્યકએ પોતાની સામાજીક જવાબદારીઓને નિભાવતાં નિભાવતાં સર્વવ્યાપી પ્રભુનું હંમેશાં શ્વાસે શ્વાસે સુમિરણ કરવું જોઇએ.સામાજીક જવાબદારીઓથી ભાગનારનું આધ્યાત્મિક માર્ગમાં કોઇ સ્થાન નથી.

વિનોદભાઇ માછી નિરંકારી<br>
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ<br>
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ખટિક સાહેબને રાજુ રદીનો ખુલ્લો ખાનગી પત્ર

પરમાદરણીય ખટિક સાહેબ,

જય ખુરશી.ખુરશી મારો દેશ છે. બધી ખુરશી મારી આરાધ્ય છે. ખુરશી મારી શીરા અને ધમનીમાં વહે છે.

આ દેશનો એક જ મંત્ર ખુરશી છે. તંત્ર ખુરશી છે. જંતર ખુરશી છે. ખુરશી મેળવવાની એષણામાં સાત શું સાતસો સતોતેર જન્મના ફેરા ફરે છે. ખુરશી મેળવવા બાપ-દીકરો એકમેકના ખુન કરે છે. ગદારી-મકકારી ખુરશીનો પાયો છે. ખુરશી મેળવવા સાત કોઠા જીતના પડતા હે , ભીડું!!

અરે રે! ખટિક સાહેબ આ શું કર્યું? અરે સાહેબ આવું ગાંડપણ કરાય? લોકો કેટલી તપશ્ચર્યા કર્યા પછી ખુરશી મળે છે. સામે આવેલી ખુરશીને લાત મરાય? સાહેબ ખુરશી મળે તો મડામાં જીવ આવી જાય! ખુરશી એ કુપોષિતને પોષણ આપતી સંજીવની છે. ખુરશીનો નશો એ મદિરાના નશા કરતા ચડિયાતો છે.

સાહેબ તમે જાણો છો કે આપણને નેતાને બંગલો મળે, નોકરચાકર મળે, ચેમ્બર મળે, સિકસોરિટી મળે,પછી બીજું શું જોઇએ?સરકારમાં સંસદિય સચિવ એ બકરાના ગળામાં આંચળ હોય તેવા હોદા છે. આ આંચળ દૂધ નવ આપે. પણ શોભાના ગાંઠિયા જેવા ગણાય. પણ આવા હોદા મેળવવા રીતસર પડાપડી રડારડી લડાલડી થાય છે!!

સાહેબ આપણા હાથ નીચેનો માણસ ગાંઠે નહીં એટલે આવું કરવાનું ? સાહેબ માંકડ કરડે તો ખાટલો બાળી ન મુકાય. માંકડ મારવાના હોય!! સાહેબ તમારા મોટા સાહેબને ફરિયાદ કરાય. પેલા અધિકારીની ચેમ્બર બહાર સદભાવના-સદબુધ્ધિ મળે માટે સરકારી સમય પ્રમાણે એટલે ૧૦.૩૦ થી ૬.૧૦ સુધીના ઉપવાસ કરાય .

સાહેબ પેલી વાર્તા વાંચી જ હશે ને!

એક વાળંદ હતો. ગામના શેઠ બાલદાઢી કરાવવા જાય!! પેલો વાળંદ બાલદાઢી કરી શેઠના તાલુકામાં મોટેથી ફડાકો મારે.શેઠ વાળંદ પર ગુસ્સે થવાના બદલે દસ રૂપિયાની નોટ ઇનામ તરીકે આપે. આવું ઘણા સમય ચાલ્યું. વાળંદ બાપુને ત્યાં બાલદાઢી કરવા ગયો. બાલદાઢી કર્યા પછી બાપુના તાલકામાં ફડાકો માર્યો. બાપુએ તેને ભડાકે દીધો. સાહેબ આપણો સચિવ આપણો ફોન કાપી નાંખે તો તેને મુખ્યમંત્રીના અંગત સચિવ બનાવવા ભલામણપત્ર લખાય . પછી તાલ જોવાય!!

માનો કે મંત્રી થયા પછી વિભાગ સાહેબ તમને ફાઇલ રજૂ ન કરે તો આળા થવાનું હોય?ફાઇલ બનાવવા, ચલાવવા, દોડાવવા, અટકાવવા, લટકાવવા, છટકાવવા,ભટકાવવા, બચકાવવા, પટકાવવાનું કામ બાબુઓનું છે!! ફાઇલ માટે આપણે ચૂંટણી લડી પ્રધાન બન્યા છીએ!આપણે કાતર, મીણબતી, દીવો, રીબીન, પાવડો, લેલું લઇ લોકાર્પણ કે ખાતમૂહુર્ત કરવા માટે મંત્રી બન્યા છીએ. ડેકોરેશન મેઇનટેઇન કરતાં શીખો!!

ખુરશી લક્ષ્મીની જેમ ચંચળ છે. એને કંટ્રોલ કરવી એ પણ કળા છે. જયલલિતા જ્યાં જ્યાં જાય ત્યાં પોતાની ખુરશી ચાર્ટર ફલાઇટમાં લઇ જતા! કોઇ ખુરશી ચોરી ન જાય કે બેસી ન જાય! ભજનલાલ ખુરશી બચાવવા આંખો પક્ષ બીજા પક્ષમાં ભેળવી દીધો હતો. લાલુ-રાબડીએ તેમના હનુમાન સમાન જીતનરામ માંઝીને મુખ્યમંત્રી બનાવ્યા. પછી જીતનરામે ખુરશી ખાલી કરવા ઈક્રાર કરેલો. ખુરશી ભલભલાની મતિ ફેરવી દે છે. ખુરશી નાનીમોટી બનતી નથી. હાઇકમાન્ડના આદેશને લીધે ખુરશી છોડવાના કરૂણ પ્રસંગે રાજીનામું મુકવામાં આવે તે વાસ્તવમાં નારાજીનામું હોય છે!!

ખુરશી ઈચ્છુકને ખુરશીદાસ કહે છે!

ભૂતકાળમાં એક ફિલ્મ આવેલી . જેનું નામ કિસ્સા કુર્શી કા હતા. જેના પર પ્રતિબંધ મુકાયેલ.

ખુરશી પર જળોની જેમ ચોંટી રહો અને ભવિષ્યમાં રાજીનામું આપવાની ઘેલછા ન કરો તેવી શુભેચ્છા અર્પું છું

આપનો આજ્ઞાંકિત<br>
રાજુ રદીના પ્રણામ!!<br>
ભરત વૈષ્ણવ<br>
૨૨.૭.૨૦૨૨.



ડૉ નીલેશ ચૌહાણ ''નીલ''

કાજળ શું આંજ્યું આંખોમાં<br>
ખંજન પડ્યાં છે ગાલોમાં.<br>
ઘાયલ એની પાછળ સૌ છે,<br>
કાઢે છે એ લટ વાળોમાં.<br>
તીર તાણ્યું હો એવું લાગે,<br>
રેખા પડતી આ ભાલોમાં.<br>
જોવો ગમતો કારણ આપું,<br>
તારો ચહેરો છે, લાખોમાં.<br>
નીલ કશું માગે શું માંગે ?<br>
બસ ખાલી જગ્યા જ દિલોમાં.

ડૉ નીલેશ ચૌહાણ ''નીલ''



**શ્રીકૃષ્ણ.... આ નામ જ્યારે જ્યારે બોલું ત્યારે એક સુંદર, હસતો ચહેરો નજર સમક્ષ હાજર થઈ જાય. આ પૃથ્વી પર કૃષ્ણ જેવું રૂપાળુ કોઈ હતું નહી, છે પણ નહી અને આવશે પણ નહી.... હા, કૃષ્ણ પોતે નવો અવતાર ધારણ કરે તો શક્યતા છે.**

લગભગ ૫૦૦૦ વરસ પહેલાં દ્વાપર યુગમાં મનુષ્ય દેહ ધારણ કરનાર વિષ્ણુનાં આઠમા અવતાર 'શ્રીકૃષ્ણ' સમસ્ત માનવજાત માટે આશીર્વાદ સમાન સાબિત થાય છે. વર્તમાન સમયની દરેક સમસ્યાનો ઉકેલ બતાવનાર પથદર્શક એટલ'શ્રીકૃષ્ણ'. કોઈ પણ સંબંધની વાત હોય કે કોર્પોરેટ ક્ષેત્રની સમસ્યા હોય.... દરેક નો ઉકેલ કૃષ્ણને વાંચો, સમજો અને પોતાના ચરિત્રમાં લાવો એટલે મળે જ!!! જીંદગી જ્યારે નાચ નચાવે ત્યારે કાળીનાગનાં શીશ પર નૃત્ય કરનારને યાદ માત્ર કરીએ તો જીવન સ્થિર થઈ જાય એ સનાતન સત્ય છે.

ભાગવદ્ ગીતાનાં અઢારમા અધ્યાયને વાંચ્યા બાદ જો મનન અને ચિંતન કરવામાં આવે તો મનુષ્ય તરીકે અવતરવું સાર્થક થઈ જાય. કોઈ પણ પરિસ્થિતિમાં હસતાં રહેવું એ કૃષ્ણ પાસેથી શીખવા જેવું છે. શ્રીકૃષ્ણ નાં જીવનની એક એક ક્ષણ આપણને ઉત્સાહ ભર્યુ જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડે છે. જન્મ થી મૃત્યુ સુધીનાં ૧૨૫ વર્ષ દરમિયાન શ્રીકૃષ્ણને જે તકલીફો પડી છે.... કારાગૃહમાં જન્મ, તરત જ માતા-પિતાનો વિયોગ, મામા દ્વારા જ મારવા માટે અનેક પ્રયાસો, રાધાનો વિયોગ, પોતાને પ્રિય માઁ યશોદા, નંદબાબા, ગોપીઓ, ગોવાળો, ગોકુળ ગામ અને સૌથી પ્રિય ગાયોને છોડીને જવું એ સહેલું નથી!!! અધર્મ આચરનાર સગા મામા-માસીને મારવા પડે એ કૃષ્ણ જ શીખવી શકે.... આપણી સાથે આવી ઘટના ઘટે તો શું કરીએ??? શ્રીકૃષ્ણ ની જેમ મૃદુ હાસ્ય સાથે જીવન જીવી શકીએ???

શ્રીકૃષ્ણ ની જેમ હસવું હોય તો દુઃખને ગળી જતાં શીખવું પડે. મનુષ્ય અવતાર ધારણ કરનાર શ્રીકૃષ્ણ, આપણાં બધાનાં જીવનને સાચો રસ્તો બતાવે છે.... જો એ રસ્તે ચાલવું હોય તો!!! મરજી આપણી છે શ્રીકૃષ્ણ ની જેમ જીવવું છે કે સમયને વેડફીને તકલીફોનાં બોજ હેઠળ દુઃખભર્યુ જીવન પુરું કરવું છે?કોઈ પણ પરિસ્થિતિમાં આનંદ શોધી શકીએ અને ચોતરફ ખુશી ફેલાવી શકીએ તો આપણાં ખુદમાં બીરાજનાર આત્મા રુપી પરમાત્મા ખુશ થઈ જાય.... આપણે બધા કૃષ્ણનાં અંશ જ છીએ ને!!! શ્રીકૃષ્ણ રુપી પ્રેમની વર્ષા સૌના જીવનમાં થાય એવી શુભકામનાઓ.

પ્રફુલ્લા રૈયાણી (મુંબઈ)

## હેરતઅંગેજ

હવામાં ચોવીસ કેરેટનો ભેજ છે,<br>
ઓતરાદા વાયરાનો વેગ તેજ છે.<br>
વાદળના કાગળે મેઘધનુષ ચિતરે,<br>
ઓલ્યો હરિ પણ અચ્છો રંગરેજ છે.!!<br>
વરસાદ દરવાજો નોક કરીને આવે<br>
શું વરસાદ એટીકેટવાળો અંગ્રેજ છે?<br>
મરણનો ભય નથી,માંહ્યલો સ્થિતપ્રજ્ઞ છે,<br>
હરિનામ સ્મરણ કર્યું ,મોટો એડવાન્ટજ છે.<br>
બીજમાંથી રંગ, સુંગંધ ને જીવન ફૂટે,<br>
સૃષ્ટિનો સર્જનહાર હેરતઅંગેજ છે<br>
ભરત વૈષ્ણવ..૨૩.૭.૨૦૨૧

## શીર્ષક:ચોમાસું બેઠું



ઈન્દ્રજીતસિંહ વાઘેલા (અમદાવાદ)

અક્ષર અધુરો ભલે હોય,લાગણીઓને જોડવા કામ લાગે છે,<br>
કાગળ કોરો ભલે હોય,જીવનને ચીતરવા કામ લાગે છે,<br>
કલમ નાની ભલે હોય, મોટા ઈતિહાસ લખવા કામ લાગે છે,<br>
શ્વાસ ટુંકા ભલે હોય, મોતને દુર ધકેલવા કામ લાગે છે,<br>
ઝરણાં નાના ભલે હોય, નદીઓને પણ છલકાવવા કામ લાગે છે,<br>
પ્રેમ શબ્દ નાનો ભલે હોય, જીવન આખુ જીવાડવા કામ લાગે છે,<br>
મુલાકાત ઓછી ભલે હોય, યાદોના પહાડો રચવા કામ લાગે છે,<br>
'હું 'અક્ષર ભલે હોઉં,તમારા દિલમાં વસાવા કામ લાગે છે..

# યેદિયુરપ્પાએ પુત્રની ઉમેદવારી જાહેર કર્યા બાદ લીધો યુ-ટર્ન

બેંગ્લુરૂ,તા.૨૪

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બી. જ યેદિયુરપ્પાએ પુત્ર ચૂંટણી લડવાની જાહેરાત કર્યા બાદ યુ-ટર્ન લીધો છે. તેમણે કહ્યું કે તેમના પુત્ર અને ભાજપના પ્રદેશ એકમના ઉપાધ્યક્ષ બી. શા માટે વિજયેન્દ્ર ગમે ત્યાંથી ચૂંટણી જીતવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ અંતિમ નિર્ણય પાર્ટી હાઈકમાન્ડનો છે. શિવમોગ્ગાના શિકારીપુરા વિધાનસભા મતવિસ્તારમાંથી આઠ વખતના ધારાસભ્ય યેદિયુરપ્પાએ જણાવ્યું હતું કે તેઓ આગામી વિધાનસભાની ચૂંટણી લડશે નહીં પરંતુ તેમના પુત્રને મેદાનમાં ઉતારવા માટે પાર્ટી હાઈકમાન્ડને સૂચન કરશે.અગાઉ યેદિયુરપ્પાએ કહ્યું હતું કે તેઓ ચૂંટણી નહીં લડે પરંતુ તેમનો પુત્ર મેદાનમાં રહેશે. તેમણે કહ્યું કે હું ચૂંટણી લડી રહ્યો નથી, વિજયેન્દ્ર શિકારીપુરાથી ચૂંટણી લડશે. હું શિકારીપુરાના લોકોને હાથ જોડીને પ્રાર્થના કરું છું કે તેઓ મારા કરતા મોટા માર્જિનથી જીતે. વિજયેન્દ્રને જૂના મૈસૂર પ્રદેશમાંથી ચૂંટણી લડવાની કાર્યકરોની માંગ પર, યેદિયુરપ્પાએ કહ્યું, 'ત્યાંથી ચૂંટણી લડવા માટે તેમના પર ઘણું દબાણ છે, પરંતુ હું સીટ ખાલી કરી રહ્યો છું અને ચૂંટણી લડીશ નહીં, તેથી વિજયેન્દ્ર શિકારીપુરાથી ચૂંટણી લડશે.'બીજેપી નેતા હવે કહે છે કે જ્યાં પણ પાર્ટી હાઈકમાન્ડ તેમને ચૂંટણી લડવા કહે છે ત્યાં વિજયેન્દ્ર ચૂંટણી લડવા તૈયાર છે. ભગવાનની કૃપાથી તેમનામાં સર્વત્ર વિજય મેળવવાની શક્તિ છે અને તે પ્રમાણે તેમણે પોતાનું વ્યક્તિત્વ ઘડ્યું છે. જો કે અંતિમ નિર્ણય વડાપ્રધાનનો રહેશે. હું ફક્ત સૂચન કરી શકું છું. અમે તેમના (વડાપ્રધાનના) નિર્ણયને વળગી રહીશું.યેદિયુરપ્પાના જણાવ્યા અનુસાર, એક કાર્યક્રમ દરમિયાન પાર્ટીના કાર્યકરોએ તેમના પર આવતા વર્ષની વિધાનસભા ચૂંટણીમાં શિકારીપુરાથી ફરીથી મેદાનમાં ઉતરવાનું દબાણ કર્યું, પરંતુ તેમણે ના પાડી દીધી અને ભાજપના ઉમેદવાર તરીકે તેમના પુત્રનું નામ ઓફર કર્યું.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO 0081
વિષય : સંગીત, સુરાવલી
પ્રકાર: ગદ્ય
શીર્ષક : સંગીતનો અસબાબ
શબ્દો: ૩૪૬

સંગીત એ કોઈ પણ દેશ, ધર્મ કે જાતિનો ઈજારો ન હોઈ શકે,એ તો દિલને સ્પર્શી શાતા,આનંદ અને હૂંફ આપનારું હોય છે. નાનાં બાળકોથી માંડીને વૃદ્ધો સુધી સંગીત વિશે અણગમો દાખવનાર કોઈ ભાગ્યે જ મળે.હા,સૌની પસંદ વેગવેગળી હોઈ શકે પણ એને નકારનાર તો કદાચ કોઈ વીરલો જ હશે.

ભારતીય સંગીતનાં મૂળ વેદોમાં છે. એવું માનવામાં આવે છે કે બ્રહ્માજીએ સંગીત નારદ મુનિને વરદાનમાં આપ્યું હતું.વૈદિક કાળમાં સામવેદનાં મંત્રો,સાતેય સૂરોનાં પ્રયોગ સાથે ઉચ્ચારવામાં આવતાં.

માનવે પહેલું સંગીત પ્રકૃતિમાંથી જ પામ્યું હશે.ઝરણાનો ખળખળ અવાજ, વહેતાં વાયરાનો ગણગણાટ કે પછી પંખીઓની મીઠી બોલી.. એનાં અશાંત મનને ક્યાંક સ્પર્શી ગયાં હશે અને એનો સંગીત સાથે પ્રેમસંબંધ બંધાયો હશે. સંગીત ઉદ્વિગ્ન મનને સૂકુન અને સુષુપ્ત મનને ચેતના આપે છે.

સાધના કરતી વખતે પણ ચિત્ત સ્થિર કરવા એક ધીમા સુમધુર સંગીતનો ઉપયોગ કરવામાં આવે છે.મનને ઝંકૃત કરે એ સંગીત,પછી એ શાસ્ત્રીય હોય,ફિલ્મી હોય કે પાશ્ચાત્ય હોય.સંગીતના સાત સૂરોને આ રીતે સમજીએ તો!

સા---સારપ,શુભ કે સુંદરતા
રે---- રેખા જેવું સરળ
ગ ----ગમ ખાતાં શીખવે, જતું કરવું
મ ---- મૃદુતા ,વાણી અને વર્તનમાં
પ---- પુરુષાર્થ અને પર માટે કરૂણા
ધ --- ધન વૈભવની અતિશયોક્તિનાં મદથી બચવું
નિ-- નિજને પ્રેમ કરવો
સા--- સાલસ અને સમભાવ રાખનાર બનવું

ધીમું,મધુર સંગીત કેટલાંક રોગની સારવાર તરીકે વપરાય છે.હૃદયરોગના અમુક પ્રકાર, માઈગ્રેન, અશાંત મગજ, સાંધાના રોગ,ઓછી રોગ પ્રતિકારક શક્તિ,ઓટો ઈમ્યૂન ડીસીઝ જેવાં ઘણાં રોગ પર સંગીતની સકારાત્મક અસર વિશે સંશોધન થયું છે.

સંગીત તો જન્મથી લઈ મૃત્યુ સુધી આપણાં જીવનમાં વણાયેલું છે.હા, મૃત્યુ વખતે લયબદ્ધ સ્તવન,પાઠ કે ત્યાર બાદ રૂદાલિ પણ એક વ્યવસ્થા છે જે લયબદ્ધ રીતે કરૂણ ભાવના જન્માવે.દરેક નાનાં પ્રસંગની ખુશાલી , તહેવાર કે ઉજવણીમાં સંગીતનું આગવું સ્થાન છે.

સંગીત શીખનાર, વાજિંત્ર વગાડનાર કે સાંભળનાર પર સંગીત એક અનોખી અસર ઉપજાવે છે. એનાં લીધે બુદ્ધિમત્તા વિકસે અને ધીરજ તથા કરૂણાનો આવિર્ભાવ થાય છે.વર્ષો પહેલાં જગદીશચંદ્ર બોઝે સંગીતની વનસ્પતિ પર અસર વિશે સંશોધન કરી સાબિત કર્યું કે તેમને સંવેદના હોય છે. એ જ રીતે આપણે પાળેલાં પશુ કે પક્ષી પણ સંગીતને માણે છે. દૂધાળુ પશુઓ સંગીતની અસરથી વધુ દૂધ આપ્યાનું નોંધાયું છે.

આપણે તો બેપગા માનવ,આવો સંગીતને જાણીએ,
ખુશ હોઈએ ત્યારે એનો લય,નાખુશ હોઈએ ત્યારે એનાં શબ્દને માણીએ!

માયા દેસાઈ
મુંબઈ ભારત.

-----------------------------------------------

N.O.G. S. S. No. 0102.
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ- સંગીત, સૂર,સુરાવલી.
પ્રકારઃ- ગદ્ય. ( લેખ. )
શીર્ષકઃ-. સંગીત.
તારીખઃ- ૨૩/૭/૨૦૨૨. શનિવાર.
રચનાઃ-

સાત સૂરોથી રચાયેલું સંગીત મનને આનંદિત કરે છે.

સૌ પ્રથમ ભગવાન શિવજીના ડમરુ માંથી સંગીતના સૂરો ઉત્પન્ન થયા હતા. તે મહાન સંગીતકાર હતા . શ્રીકૃષ્ણ,હનુમાનજી,રાવણ સંગીતકારો હતા.સામવેદમાં સંગીત રચનાની ખૂબ માહિતી છે.

સંગીતના અનેક પ્રકારના સાધનો છે,તેના દ્વારા ઉત્પન્ન થતું સંગીત મનને નવી શક્તિ આપે છે.

સંગીતના જુદા જુદા અનેક પ્રકારના ઘરાના છે, અને તેની દરેકની અલગ અલગ વિશેષતાઓ હોય છે.

સંગીતના સાધનો દ્વારા,અને મૌખિક રાગો દ્વારા જુદા જુદા સમયે ગાયન ,વાદન, જુદા જુદા સમયે ગાવામાં આવેછે.તેની માનવજીવન પર અસર થાયછે.

અલગ અલગ પ્રકારના રાગ ગાઈ અને માનવ શરીરના રોગો પણ દૂર કરવામાં આવે છે.

વિદેશમાં અને ભારતમાં અનેક સંગીતકારો પ્રસિદ્ધ છે. કલ્યાણજી, આણંદજી, મદનમોહન,જેવા અનેક સંગીતકારોએ પોતાની વિશેષ ધૂનો બનાવી અને આજે પણ વર્ષોથી લોકોના મનમાં ગુંજે છે.

બિસ્મિલ્લાખાનનું શહનાઈવાદન તેમજ સંતૂર, વીણા , બંસરી તબલા વાદન , તેમજ અનેક સાધનોમાં ભારતના અનેક વાદ્ય કલાકારો પણ ખૂબ પ્રસિદ્ધ છે.

ગીત ગાવા વાળા પણ અનેક લોકો છે તેમાં લતા મંગેશકરનું નામ કદી ન ભૂલી શકાય તેવું છે. બીજા અનેક ગીતકારો છે જે લોકોને પોતાના સંગીત દ્વારા આનંદ આપે છે.

કવિ પ્રદીપજી, શકીલ બદાયુનિ અને બીજા અનેક કવિઓએ સુંદર ગીતો લખીને આજે પણ નામના મેળવી છે અને આજે પણ આ ગીતો આપને જીવંત લાગે છે.

જે કલાકારો ઉપર ગીતોનું ફિલ્માંકન થયુંછે તેમાં દિલીપકુમાર,રાજકપૂર ,નરગીસ ,મીનાકુમારી,રેખા, અમિતાભ બચ્ચન,અને આજ સુધીના કલાકારો ,અને અનેક નવી અને જૂની ફિલ્મો દ્વારા ગીતકાર સંગીતકાર અને સંગીતના વાદ્યકારો ને અમર બનાવી દીધા છે.

ભારતીય સંગીત સૂર સુરાવલીની આજે દુનિયામાં ખૂબ જ નામના છે.

લેખકઃ- રતીલાલ વાયડા
નવીમુંબઈ
૨૩/૭/૨૦૨૨. શનિવાર.

-----------------------------------------------

NOG SS No :0013
નામ ઘનશ્યામ વ્યાસ
વિષય સંગીત, સૂર,
સૂરાવલી
પ્રકાર ગદ્ય
શીર્ષક સુરાવલી
તારીખ ૨૩/૦૭/૨૨
સંગીત સુર અને સુરાવલી
સંગીત ખરેખર માણવું
હોય તો મંદિરની બહાર
કોઈ બેન કે ભાઈ ભગવાનની સ્તુતિ કરતાં
હોય એને સાંભળો, ટ્રેનમાં
કોઈ આંધળો માણસ ભજન ગાતો હોય એને
સાંભળો,અને તમે એના તાલ અને લયમાં ઓતપ્રોત થઈ જાઓ તો
ખબર પડશે કે સંગીત કોને કહેવાય. બાથરૂમમાં
તમારા પત્ની ભજન ગાતા હોય એને સંગીત
કહેવાય નહીં કે તમે
૫૦૦ રૂપિયાની ટીકીટ લઈને કોઈ સભાગૃહમાં
સંગીત સાંભળવા જાઓ.
એ લોકો પૈસા લઈને
સંગીત વહેંચે છે.
તમારે સૂર સાંભળવા છે
તો રસ્તા પર કોઈ
છોકરો હાથમાં બે પત્થર
પકડીને ચપટી વગાડી
ને જે સૂર ઉત્પન્ન કરે છે
અથવા કોઈ ભીખ માગતી છોકરી તૂટેલા
તબલા પર જે થાપ મારે છે,કોઈ કોયલ વગર
પૈસે ટહુકો કરે છે એને
તમે સાંભળો તો ખબર
પડે કે આ વગર સંગીતના ક્લાસ ભરે કેવું
સરસ વગાડીને સંગીતના
સૂરોનું સમતુલન કરે છે.
સૂરાવલી જો ખરેખર
માણવી હોય તો અસાઈત
વાળા ભવાઈ કરનારા જે
ભૂંગળ વગાડે છે, દક્ષિણના મંદિરમાં કોઈ
શહાનાઈ વગાડે અને
શંકરના મંદિરમાં કોઇ
ડમરૂ વગાડે કે કોઈ
શંખ વગાડે એને તમે
સાંભળો તો ખબર પડે
સૂરાવલી કોને કહેવાય ?
અને આ ત્રણેનો સંગમ
જ્યારે જોવા મળે કોઈ
ડાયરામાં ત્યારે એ
સમન્વય અદભૂત કહેવાય.
મોહન તારી મુરલી
શંકર તારું ડમરૂ
માતાજી તમારી સ્તુતિ
અને શ્રીજીની આરાધના,
આમાં જ સંગીત,સૂર,સૂરાવલી
મળી જાય, ક્યાંય જવાની
જરૂર ન રહે .
ઘનશ્યામ વ્યાસ'શ્યામ'

-----------------------------------------------

NOG SS NO. 0097
વિષયઃ સંગીત
પ્રકાર : ગદ્ય
શીર્ષક : સંધ્યાનું સંગીત

સંગીત સંધ્યાનું આયોજન સાંજે કે રાત્રે જ થતું હોય છે.

કોઈ પણ સિઝનમાં વાતાવરણમાં વધતી ઓછી ઠંડક હોય જ છે સાથે શાંતિ અને શબ્દોની સૂરાવલી સાથે વાદ્યો ની સંગત એ વાતાવરણને માદક નહીં પણ આહ્લાદક બનાવે છે. શબ્દોની સૂરાવલી સાથે લય-તાલ, આરોહ-અવરોહ સંગીતને એક ઢાળ આપે છે. સાથે જુદા જુદા વાદ્યોની સંગત સંગીતને સુરીલું બનાવે છે.જીવન પણ એક સંગીતછે.આવતીમુશીબતો,આરોહ-અવરોહ છે. તો આપણે મુસીબતોમાંથી માર્ગ કાઢવા અપનાવેલ જુદા જુદા રસ્તા ઓ સંગીતના સાધનો છે.જે આપણા જીવન સંગીતને સુરીલુ બનાવે છે.

ઢળતી સંધ્યાએ,જીવન દરમ્યાન,આપણા દ્વારા જુદા જુદા પડાવ પર રચાયેલા સંગીતને આપણે માણવાનું છે.આપણે જ આપણા જીવનની ડીઝાઈન-જાણતા કે અજાણતાં નક્કી કરી હોય છે.કેટલીક વાર આપણી અનિચ્છા કે ઈચછા ને ગણકાર્યા સિવાય સંજોગોને આધીન આપણું જીવન કંડાર્યું હોય છે.ત્યારે સફળતા નિષ્ફળતા, મેળવ્યું ગુમાવ્યું કે કરવાનું રહી ગયું જેવું સરવૈયું કાઢવા જીવનની સંધ્યા ટાણે આપણે નથી બેસવાનું.ફકતને ફક્ત બધી પ્રવૃત્તિઓમાંથી ગરિમા પૂર્ણ નિવૃતિ લઈને આપણાં વિતેલા જીવનસંગીતનૈ સાંભળવાનું છે સંવારવાનું નથી. જે હતું એ અને જે છે એ સ્વીકારીને નિજાનંદમાં મસ્ત રહી કોઈને પણ નડ્યા સિવાય નિવૃતિને દીપાવવાની છે અને સંધ્યા નું સુરીલું સંગીત સાંભળતા સાંભળતા આપણી જાતને સંભાળવાની છે

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા-ઓસ્ટ્રેલિયા

-----------------------------------------------

NOG SS No.109
શિર્ષક : સૂર
પ્રકાર :-પદ્ય
એક સૂર આરપાર નીકળી ગયો,
વીંધી મને સરસર નીકળી ગયો.
શર્ણાયો એકધારી વાગવા લાગી,
આંગણે અવસર એવો ધરી ગયો.
જાબુખંડથી દિવ્ય એકધારું વ્હૈ,
જાણે વસંત તરબતર કરી ગયો
ચોમાસું થઈ વરસે ટપટપ નેવે,
આંખમાં એવું ધાર ધરી ગયો.
પડઘમ પડયા કરે રાતદિવસ×મહેક×
ખબર નહી સૂર એ દિલ કરી ગયો.
બાબુ સંગાડા'મહેક'

-----------------------------------------------

NOG SS No.118
પ્રકારઃ પદ્ય
વિષયઃ સૂર,સંગીત અને સૂરાવલી
શીર્ષકઃ જીવન સંગીત
સાંભળતો રહયો તું મારા શબ્દોને..!!
ઓળખી લેવું હતું કયારેક મારા મૌનને પણ...!!
કંઇ કેટલીય 'તારી' લાગણીઓનો શોરબકોર ભરેલ છે..!!
ને કંઇ કેટલીય 'તારી' સાથેની ક્ષણોની જીવંતતાનું 'સંગીત' 'સાતત્યતા'થી વહેતું રાખ્યું છે...!!
ઓળખી લેજે કયારેક...કોઈકવાર..
'તારા' શ્વાસમાં ભળીને આવતી મારી સંવેદનાની 'સૂરાવલી'ને...!!?????
અમદાવાદ -ચૈતાલી જોશી

-----------------------------------------------

*NOG SS NO:004*
વિષયઃ સૂર સંગીત સુરાવલી
પ્રકારઃ ગદ્ય (વાર્તા)
શબ્દોઃ ૩૦૦
શીર્ષકઃ સરગમ

રોશી ને સોહાની દીકરી જન્મી ત્યારથી જ થોડી પગે ખોડ લઈને જ જન્મી હતી. દાદા પ્રતાપસિંહની લાડકવાયી હતી. તેનું નામ સરગમ પાડ્યું હતું. જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ થોડા વધુ લાડ અને પગની ખોડને લીધે ચિઢિયણ થઈ ગઈ હતી. શાળામાં પણ તેને બીજા માળે ઊંચકીને લઈ જવી પડતી. તેને જીવન થોડું કઠિણને અઘરું લાગતું હતું.દાદા તેને પાણી માંગે તો દૂધ હાજર કરતા પણ તે કદી કોઈને ક્યારેય માન સન્માનથી ન જોતી કે કોઈની કદર ન કરતી.

એકવાર પોતાના કુટુંબ સાથે રહેવા જવા માટે દાદાએ પચંગિનીમાં બંગલો ભાડે કરી લીધો હતો.ત્યાં બાજુમાં જ એક બીજું કુટુંબ પણ રહેવા આવ્યું હતું. તેનો દીકરો વ્હીલચેર પર જ ફરતો હતો જાણવા મળ્યું કે તે પગ લઈને જન્મ્યો હતો પણ શરીર કરતાં તે ખૂબ જ નાના હતાં. તે એટલો આનંદી હતો કે સરસ રમુજી ટુચકા કહેતો પોતે હસતો ને બીજાને પણ હસાવતો. તેમાં ઘરમાંથી જાત જાતના સૂર રેલાતાં. આ સાંભળી સરગમ ગુસ્સે થઈ જતી. દાદાથી ન રહેવાયું તેઓ ત્યાં ગયાં જોયું તો દીકરો એ સંગીતમાં એટલો લીન થઈ ને આનંદ ઉઠાવી રહ્યો હતો કે તેને કંઈ કહેવું અયોગ્ય લાગ્યું.

થોડા દિવસમાં સરગમ અને સ્વર મિત્રો બની ગયાં. બન્ને સમદુખિયા હતાં. સ્વરને ત્યાં તે હાથમાં પહેરેલી ઘોડી લઈ ધીરે ધીરે ચાલીને જવા લાગી. સરગમને સૂર-સંગીતની સુરાવલી આર્કષવા લાગી. સ્વર તેને સંગીતનું સરસ જ્ઞાન આપતો. રોશી , સોહન ને દાદા ધીરે ધીરે સરગમમાં આવતો બદલાવ જોતા રહ્યાં.એક દિવસ બાઈ તેને સ્નાન કરાવી બહાર લાવી તો સરગમે જાતે કપડાં પહેરવાની જીદ કરી અને ખરેખર તેને જાતે તૈયાર થયેલી જોય ઘરમાં જાણે લાખો અગરબત્તીની સુવાસ ફેલાઈ ગઈ.

એક સવારે દાદાના મંદિરમાંથી મીઠો સૂર નાના માઉથઓર્ગનમાંથી નીકળી રહ્યો હતો અને એક સુંદર
પ્રાર્થના ગવાય રહી હતી સુંદર સંગીતમય સુરાવલીમાં
'ઈતની શક્તિ હમે દેના દાતાપ' ઉંબરા બહાર દાદા ને રોશી ને સોહાની આંખોમાંથી હર્ષના આંસુ વહી રહ્યાં હતાં.સ્વરે સરગમની જિંદગીનાં સૂર બદલી નાંખ્યાં હતાં.

દાદાએ વિચાર્યું કે સૂર, સંગીત ને સુરાવલી કેવા ઔષધ રૂપી હોય છે કે ગમગીન માણસ પણ આંનદમયી બની જતો હોય છે'

જયશ્રી પટેલ ૨૪/૭/૨૨

-----------------------------------------------

NOG સાહિત્ય સરિતા ગૃપ (૧)
વિષયઃ સંગીત સૂર સુરાવલી.
પ્રકારઃ હાઈકુ
શીર્ષકઃ 'અલ્પ મા અતી '
શબ્દોઃ૧૧૯.
જયકાન્ત ઘેલાણી -'પ્યાર'.

પ્યારે' સૂરમાં
ખીલે સોળે કળાએ
છંદ- કવિતા.
દૂહા ભજન
જામે અંધારી રાતે
હોયજો સૂર !
હોય ! સંગીત
જાણતો સૂરાવલી
તેજ સમ્રાટ.
સ્વર, સમુદ્ર
મેઘધનુષ્ય, કોઠા
ગણત્રી સાત.
સૂર સંગીત
ને જાણે સૂરાવલી
ગાયક રાજા.
પ્રભાતિયા ને
હેલો ભજન-છંદ
જામે રાગમા.
સૂરે ગવાઈ
છંદ દૂહા કવિતા
મૃત સજીવ !.

-----------------------------------------------

NOG SS NO - 0050
વિષય-સૂર- સંગીત -સુરાવલી.
પ્રકાર - પદ્ય મૌલિક.
તા - ૨૪/૭/૨૦૨૨
.....................................
આજ અનોખીને સોનેહરી કિરણોની પડી સવાર..!
પેલો સમીર લહેરાઈ મંદમંદ લહેરખી વગાડતો..!
પેલી ઝાંકળ પુષ્પ પર મોતી સમી ચમકે ડોક્યાં કાઢે..!
મારી સામેને સૂર સંગીત છેડે..!
આસમાનમાં ઉડતાં પરિંદા ધીમે અવાજ કરતાં..!
પર્વત પરથી વહેતાં પાણી ખળખળ પથ્થરથી ટકરાતાં થાતો સંગીતમય દ્વન્દ્વ..!
કુવે પાણી ભરતી પનિહારીઓ બેડલાને ,
વાગતો મધુર ઝાંઝરનો રણકાર..!
કોયલનો મીઠો ટહુકોને મીઠી સંગીત મય વાણી.!
જેમ પેલાં ભમરાનું મધુકર સાથેનું ગુંજન કરે રક્તવર્ણા કેસરી કેસુડાનાં પુષ્પો સંગ..!
સપ્તસૂર છેડે પોપટ , ચકલાં, મોર પણ મંડી પડતા સુર લેવાં..!
મહેફિલ સજાવતા નવરંગી..! પ્રિય મને ગીત ગણગણવા દેને તારા પ્યારનું..!
પ્રકાશ ફેલાવવા દે તારી પ્રીતનું ઘંટારવ બની ગુંજુ તારી જિંદગીમાં..!
તારી પ્રીતડી બનીને ગાયા કરું..!
પ્રેમનાં ગીત સંગીતમાં ડોલું હું તારી સાથે સંગીતને મહેફિલ સજાવું..!

મને કવિતા ગમે કેમકે મને મારી ભાષા ગમે છે..!
એ ચિત્ર મારી જીવનનું સંગીત બને ..!
ફુલ ઝૂકે ડાળ પર એમ હું ગુન ગુનાવુ સંગીત શબ્દોનાં શ્વાસ દ્વારા..!
મેહુલિયાનાં સુરીલા સંગીત છેડાવે પ્રણય..!
મૌન થયેલાં હોઠની મૌનમય સંગીત રચાય ..!
કેટલી તમન્નાઓ જાગેને પેલાં સૂરજ ઢળ્યા પછી રાહ જોવું દરવાજા પર..!
ધડકતા દિલનો રણકાર સંગીતમય વાગે પિયુ તારા માટે..!
રાગીની શુક્લ 'રાગ'
મુંબઈ, કાંદિવલી

## કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા અંદાજિત રૂપિયા ૨૧૦ કરોડથી વધુના પ્રજાલક્ષી વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન






ગુજરાતે વિકાસની પરંપરા જાળવી રાખી છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના વિઝનને પરિણામે દેશના વિકાસના નકશા પર ગુજરાત પ્રથમ સ્થાને છે : શ્રી અમિતભાઈ શાહઔડા દ્વારા સમગ્ર બોપલ વિસ્તારને નર્મદાનું પાણી મળે તેવા સંકલ્પ સાથે રૂ. ૭૭.૫૩ કરોડના ખર્ચે બનાવેલ બોપલ વોટર સપ્લાય પ્રોજેક્ટનું લોકાર્પણ ઔડા દ્વારા પ્રધાનમંત્રીશ્રીના "ફિટ ઈન્ડિયા" અભિયાનને ગ્રામ્ય વિસ્તારોમાં લઈ જવાની સંકલ્પના સાથે રૂ. ૯.૬૯ કરોડના ખર્ચે મણીપુર-ગોધાવી વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું લોકાર્પણ ઔડા દ્વારા પ્રધાનમંત્રીશ્રીના "હાઉસિંગ ફોર ઓલ"ના સ્વપ્નને સાકાર કરવા રૂ. ૭.૭૩ કરોડના ખર્ચે બોપલ વિસ્તારમાં ૭૦ જેટલા ઈડબ્લ્યુ આવાસનું લોકાર્પણ "ગાંધીનગર લોકસભા – હરિયાળી લોકસભા"ને ચરિતાર્થ કરવા ઔડા દ્વારા મિશન મિલિયન ટ્રી" અભિયાન અંતર્ગત રૂ. ૧૦.૧૭ કરોડના ખર્ચે જીં રિંગ રોડની ફરતે તેમજ રૂ. ૬.૦૬ કરોડના ખર્ચે ઔડા હસ્તકના ગામોમાં વૃક્ષો વાવવાના કામનું ખાતમુહૂર્તઔડા દ્વારા ટ્રાફિકની સમસ્યા હળવી કરવા રૂ. ૭૭.૭૧ કરોડના ખર્ચે સરદાર પટેલ રિંગ રોડના કમોડ સર્કલ પર ૧૧૫૭ મીટર લાંબો ૬ લેન ફલાય ઓવરબ્રિજ અને રૂ. ૧૪ કરોડના ખર્ચે મણીપુર-ગોધાવીમાં કેનાલ ઓવરબ્રિજ નિર્માણનું ખાતમુહૂર્તઔડા દ્વારા વડાપ્રધાનશ્રીના સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ઔડા વિસ્તારના ૫૫ ગામોના કચરાના નિકાલના કામનું ખાત મુહૂર્ત

# ગાંધીનગર લોકસભા વિસ્તારમાં રૂ.૨૧૧ કરોડના વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરતા ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના જનપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર ,

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના જનપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં રૂ.૨૧૧ કરોડના વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કર્યું હતું. શ્રી અમિતભાઈ શાહે ઔડા દ્વારા રૂ.૯૪.૯૫ કરોડના ખર્ચથી નિર્માણ પામેલ બોપલ વોટર સપ્લાય પ્રોજેક્ટ, ગોધાવી ખાતે રૂ.૯.૬૯ કરોડના ખર્ચે તૈયાર થયેલ અદ્યતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, રૂ.૮ કરોડના ખર્ચે ઈઉજી નીલકમલ આવાસ યોજના હેઠળ ૭૦ આવાસોનું લોકાર્પણ તેમજ રૂ.૭૭.૭૨ કરોડના ખર્ચે એસ.પી. રીંગ રોડ કમોડા જંકશન પર ફ્લાય ઓવરબ્રિજ, રૂ.૧૨.૬૩ કરોડના ખર્ચે મણિપુર-ગોધાવી રસ્તા પર કેનાલ બ્રિજ બનાવવા ઉપરાંત રૂ.૧૦.૧૭ કરોડના ખર્ચે મિશન મિલિયન ટ્રીઝ અને આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૬.૦૬ કરોડના ખર્ચે ટ્રી પ્લાન્ટેશન પ્રોજેક્ટ, ઔડા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં રૂ.૫.૦૦ કરોડના ખર્ચે વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી, કલોલ ખાતે રૂ.૨.૬૧ કરોડના ખર્ચે કપિલેશ્વર તળાવના રી-ડેવેલપમેન્ટની કામગીરી, બોરીસણા ગામે રૂ.૧.૮૨ કરોડના ખર્ચે પમ્પિંગ સ્ટેશનના અપગ્રેડેશનના કાર્ય સહિતના કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું તેમજ કચરાના કલેક્શન અને નિકાલ માટેના વાહનોને પ્રસ્થાન કરાવ્યું હતું. શ્રી શાહે અમદાવાદ શહેર અને ઔડાના ૧૪ તળાવોને રૂ.૧૦૦ કરોડથી વધુના ખર્ચે ઈન્ટરલિંકિંગ કરીને પર્યટન સેન્ટર બનાવવાની શરૂઆત કરવા અંગે તેમજ ગાંધીનગર લોકસભા વિસ્તારમાં નવા ૧૨૦૦ તળાવ બનાવવા અંગે સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આજરોજ ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના જનપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે શ્રી પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પ્રમુખ સ્વામી નગરની કળશ સ્થાપન વિધિમાં ભાગ લીધો. આ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, શ્રી પ્રમુખસ્વામીજી મહારાજે ભારતીય ધર્મ અને સંસ્કૃતિના ધ્વજવાહક બનીને વિશ્વભરમાં ૧૧૦૦ થી વધુ મંદિરોની સ્થાપના કરી. માનવતાની સેવા માટે સમર્પિત તેમનું જીવન હંમેશા આપણને માર્ગદર્શન કરતું રહેશે. આ ઉપરાંત શ્રી અમિતભાઈ શાહે પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે કટિબદ્ધતા વ્યકત કરતા વૃક્ષારોપણ કર્યું હતું અને જણાવ્યું હતું કે, સ્વચ્છ અને સુરક્ષિત પર્યાવરણ માટે વૃક્ષારોપણ અંત્યન્ત જરૂરી છે અને જનભાગીદારી તેનું અનિવાર્ય પાસું છે.

નવનિર્મિત મણિપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ગોધાવી ખાતે આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમિયાન ગુજરાતના વિકાસને અનેક આયામોમાં ગતિશીલતા આપી છે, દરેક ક્ષેત્રે ગુજરાતને વિકાસના નકશા પર દેશમાં પ્રથમ સ્થાને મૂક્યું છે. ગુજરાતમાં પર્વતીય



વિસ્તાર કે જંગલોમાં રહેતા આદિવાસી અને વનવાસી નાગરિક, સાગર કિનારે રહેતા સાગરખેડુઓના વિકાસ, ખેડૂતલક્ષી કામગીરી, ગ્રામીણ-શહેરી વિકાસ, ઔદ્યોગિક રોકાણ લાવવા કે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ રોડ-રસ્તા-ફ્લાયઓવરની વાત હોય, મેટ્રો લાવવાની હોય કે પર્યાવરણ ફ્રેન્ડલી બસોની વાત હોય, પ્રત્યેક ક્ષેત્રમાં ગુજરાતમાં વિકાસ સુનિશ્ચિત કરવાની કટિબદ્ધતા સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાર્ય કર્યું છે. ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશના વડાપ્રધાન થયા બાદ પણ શ્રીમતી આનંદીબેન પટેલ થી લઈને આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુધી ગુજરાતમાં વિકાસની પરંપરા આજે પણ અવિરત રૂપથી ચાલુ છે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આઝાદીના અમૃત મહોત્સવના વર્ષમાં દેશના બાળકો, કિશોરો, યુવાનોને આઝાદીના સંઘર્ષની યાદ અપાવી તેમના માનસમાં રાષ્ટ્રભક્તિના સંસ્કાર જાગૃત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. દેશની અઝાદીના ૭૫ વર્ષથી ૧૦૦ વર્ષ એટલે કે શતાબ્દી સુધીની સફરમાં દેશને ઐતિહાસિક ઊંચાઈ પર લઈ વિશ્વમાં નંબર ૧ બનવાના સંકલ્પને સિદ્ધ કરવાની નેમ સાથે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાન અનુસાર સમસ્ત દેશવાસીઓ અને ગાંધીનગર લોકસભા વિસ્તારના સૌ નાગરિકોને ૧૩,૧૪ અને ૧૫ ઓગસ્ટે નિવાસસ્થાન, ઓફીસ, કારખાના, કોમ્પ્લેક્ષ દરેક સ્થાનોએ તિરંગો લગાવીને આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરીએ. નાગરિકોને ઈ-કોમર્સ સાઈટ, કો-ઓપરેટિવ સોસાયટી, પોસ્ટ ઓફીસ સહિતના સ્થાનોએથી રાષ્ટ્રધ્વજ ઉપલબ્ધ થશે. ૧૩,૧૪ અને ૧૫ ઓગસ્ટના રોજ ઘર-કચેરીએ તિરંગો ફરકાવીને આપણને સૌને દેશને આઝાદી અપાવવા માટે સંઘર્ષ કરી પોતાનો જીવ ન્યોછાવર કરનાર અનેક નામી અનામી સ્વતંત્ર સેનાનીઓનું સ્મરણ કરી શ્રદ્ધાંજલિ આપવાનો અવસર પ્રાપ્ત થયો છે. શ્રી શાહે તમામ નાગરિકોને તિરંગો લગાવીને તેની સેલ્ફી ભારત સરકારની વેબસાઈટ પર અપલોડ કરવા આહવાન કર્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, આજથી ૧૫ વર્ષ પહેલાં આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જાસપુરમાં વિશ્વકક્ષાનો અદ્યતન વોટર શુદ્ધિકરણ પ્લાન્ટ બનાવી ઔડા સમાવિષ્ટ વિસ્તારમાં નર્મદા મૈયાનું શુદ્ધ પાણી આપવાની શરૂઆત થઈ હતી અને આજે ૯૪.૯૫ કરોડના ખર્ચથી નિર્માણ પામેલ બોપલ વોટર સપ્લાય પ્રોજેક્ટ થકી બોપલ-ઘુમા વિસ્તારના નાગરિકો આ કડી થી જોડાયા છે. શ્રી શાહે બોપલ-ઘુમા વિસ્તારની રહેણાંક સોસિટીઓને કહું જ ઝડપથી રજિસ્ટ્રેશન કરાવી શુદ્ધ પાણીનો લાભ લેવા માટે વિનંતી કરી હતી અને હવે બોપલ-ઘુમા વિસ્તારમાં ૭૦ હજાર નાગરિકોના ઘરે શુદ્ધ પાણી પ્રાપ્ત થશે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આવનારા પાંચ વર્ષમાં અમદાવાદના કાલુપુર તેમજ સાબરમતી રેલવે સ્ટેશનને અત્યાધુનિક અને ભવ્યાતિભવ્ય બનાવવામાં આવનાર છે. ખૂબ આનંદની વાત છે કે સમગ્ર દેશમાં આદર્શ ગ્રામ તરીકે એક થી પાંચ ક્રમાંકમાં ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ ત્રણ ગામનો સમાવેશ કરાયો છે. નેનો તરલ યુરિયા બનાવતું વિશ્વનું સૌપ્રથમ કારખાનું કલોલ ખાતે કાર્યરત થયું છે. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ડિસેમ્બર મહિના સુધીમાં 'હર ઘર, નલ સે જલ' યોજના પ્રત્યેક ઘર સુધી પહોંચાડવાનું તેમજ પ્રધાનમંત્રી આયુષમાન ભારત યોજનાનો મહત્તમ લાભ અપાવવાનું લક્ષ્યાંક મૂકવામાં આવ્યું છે. આજે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ભારત સરકાર અને ગુજરાત સરકારના સહિયારા પ્રયાસથી વિકાસના અનેકવિધ કામો થઈ રહ્યા છે તેનો મને અનહદ આનંદ છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે વર્ષ ૨૦૨૪ સુધીમાં ગાંધીનગર લોકસભા વિસ્તાર દેશના સૌથી વિકસિત લોકસભા વિસ્તાર તરીકે ઓળખાશે.

આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, અમદાવાદના મેયરશ્રી કિરીટભાઈ પરમાર, રાજ્યસભાના સાંસદશ્રી નરહરી અમીન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી હિતેશભાઈ બારોટ, અમદાવાદ શહેર ભાજપ પ્રમુખશ્રી અમિત શાહ, અમદાવાદ જિલ્લા ભાજપા પ્રમુખશ્રી હર્ષદગીરી ગોસ્વામી, ધારાસભ્યશ્રીઓ શ્રી પ્રદિપસિંહ જાડેજા, શ્રી બાબુભાઈ જે. પટેલ, શ્રી કનુભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી કિશોર ચૌહાણ, કલોલ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ઉર્વશીબેન પટેલ, ચૂંટાયેલા સભ્યશ્રીઓ, સંબંધીત અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

# અમદાવાદમાં સરેરાશ ૪ ઇંચ વરસાદ વરસ્યો, સૌથી વધુ ચકુડિયા મહાદેવ વિસ્તારમાં ૭ ઇંચ વરસાદ

અમદાવાદ,તા.૨૪

હવામાન વિભાગની આગાહી મુજબ ફરી એક વખત ગુજરાતમાં સાર્વત્રિક મેઘમહેર થઇ છે. ખાસ કરીને અમદાવાદમાં પણ શનિવારે મોડી સાંજે શરૂ થયેલો વરસાદ રાતભર ધીમી ધારે વરસતો રહ્યો. અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૪ ઈંચ વરસાદ વરસ્યો છે. અમદાવાદમાં થોડા ઘણા વરસાદમાં જ પૂર્વના અનેક વિસ્તારોમાં પાણી ભરાતાં લોકોને ફરી હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. તો અમદાવાદમાં અવિરત વરસાદને કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા છે.



અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૪ ઈંચ વરસાદ વરસ્યો છે. સૌથી વધુ ચકુડિયા મહાદેવ વિસ્તારમાં ૭ ઈંચ વરસાદ વરસ્યો છે. અમદાવાદમાં દક્ષિણ ઝોનમાં સરેરાશ ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. તો પૂર્વ વિસ્તારમાં સરેરાશ ૫ ઈંચ વરસાદ વરસ્યો છે. ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ઝોનમાં સરેરાશ ૩.૫ ઈંચ વરસાદ પડ્યો છે. મણિનગરમાં ૬.૫ ઈંચ વરસાદ પડ્યો છે. રામોલ, ઓઢવ અને વિરાટનગરમાં ૫-૫ ઈંચ વરસાદ થયો છે. તો વટવામાં ૪.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે.અમદાવાદના પૂર્વ વિસ્તારમાં મોડી રાત્રે ધોધમાર વરસાદ વરસતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદ પૂર્વના અનેક વિસ્તારો એવા છે જ્યાં થોડો પણ વરસાદ પડે એટલે વરસાદી પાણી ભરાઇ જાય છે. જેમાંનો એક છે સરસપુર વિસ્તાર. સરસપુર શાક માર્કેટ પાસે વર્ષોથી વરસાદમાં પાણી ભરાય છે. ગઈકાલે પડેલા વરસાદ બાદ હજુ પણ અહીં પાણી ભરાયેલા છે. જેના કારણે અહીંના રહીશો નર્કાગાર જેવી સ્થિતિમાં રહેવા મજબુર બન્યા છે. નારોલ, ઈસનપુર, ખોખરામાં હજુ પાણી ભરાયેલા છે. મણિનગર વિસ્તારમાં પણ પાણી ભરાયા છે. અમદાવાદના ભાઈપુરા વોર્ડના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે. સાંઈબાબાનગર અને અન્ય સોસાયટીઓમાં લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા છે.અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં પણ સારો વરસાદ વરસ્યો છે. શહેરના પ્રહલાદનગર, મકરબા, વેજલપુર, બોડકદેવ, હાટકેશ્વર, ઈસનપુર, આંબાવાડી, નવરંગપુરા, બાપુનગર, નરોડા, અમરાઈવાડી, સરસપુર, કાલુપુર, ચાંદખેડા, ચાંદલોડિયા, નારાણપુરા, મણિનગર સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. આગામી ૩ દિવસ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે તો કેટલાક વિસ્તારોમાં અતિભારે વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ વરસી શકે છે. તો અમદાવાદ શહેર સહિત કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ વરસી શકે છે. આ સિવાય કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા ભારે વરસાદી ઝાપટાની પણ આગાહી કરવામાં આવી છે.

# અમદાવાદમાં નિવૃત્ત ક્લાસ-૨ અધિકારીએ દારુ પીવા બાબતે ઝઘડો થતા પુત્રની હત્યા કરી

અમદાવાદ,તા.૨૪

અમદાવાદ શહેરમાં પિતાએ પુત્રની હત્યા કરી હોવાનો ઘટસ્ફોટ થયો છે. વાસણામાંથી ધડ, ગુજરાત કોલેજ પાસેથી પગના ટુકડા સહિતનાં અંગો મળી આવ્યાં હોવાની ઘટનામાં સીસીટીવી ફૂટેજના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ આંબાવાડીમાં રહેતા નિવૃત્ત ક્લાસ-૨ અધિકારી નિલેશ જોશીના ઘર સુધી પહોંચી હતી. ઘરમાંથી લોહીના ડાઘ તેમ જ મૃતદેહના અન્ય કેટલાક અવશેષો મળી આવ્યા હતા, જેમાં ખુદ પિતા એ જ દીકરાની હત્યા કરીને શરીરના ટુકડા કરીને ફેંક્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નિલેશ જોશીની ધરપકડ કરી છે. નિલેશ જોશી આંબાવાડી વિસ્તારની એક સોસાયટીમાં રહેતા હતા. પુત્ર સાથે દારૂ પીવા બાબતે ઝઘડો થતાં પિતાએ પુત્રની હત્યા કરી નાખી હતી. પિતાએ હત્યા કર્યા બાદ લાશના અલગ અલગ ટુકડા કરીને પોલિથીન બેગમાં મૂકીને અલગ અલગ વિસ્તારમાં નાખવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યારબાદ આરોપી રાજસ્થાન ભાગી ગયો હતો જ્યાંથી પોલીસે તેને પકડીને અમદાવાદ લઈ આવી છે હજી આ કેસની ખૂટતી કડીઓ શોધવા માટે આરોપીની પૂછપરછ ચાલી રહી છે આરોપી નિલેશ જોશી નિવૃત્ત સરકારી કર્મચારી છે.વાસણા, કલગી ચાર રસ્તા પાસેથી અંગો મળી આવતાં પોલીસે બંને જગ્યાની આસપાસના રૂટના સીસીટીવી ફૂટેજ એકત્રિત કરવાનું શરૂ કર્યું હતું, જેમાં એક સ્કૂટર પર એક વૃદ્ધ પોલિથીન બેગમાં અવશેષો લઈને જતા સ્પષ્ટ દેખાયા હતા. ફૂટેજના આધારે રૂટ ક્લીયર કરી પોલીસે આંબાવાડીમાં આવેલી સુનિતા સોસાયટીના એક મકાન સુધી પહોંચી હતી. પોલીસે તપાસ કરતા તેમાં નિલેશ જોશી (એસટીના નિવૃત્ત ક્લાસ-૨ અધિકારી) રહેતા હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે,નિલેશ જોશીનાં પત્નીનું અવસાન થયું હતું અને ઉપરના માળે તેમના દીકરા હિતેશ સાથે રહેતા હતા. જ્યારે તે જ મકાનના નીચેના માળે તેમનાં બહેન રહેતાં હતાં. પોલીસે ઉપરના માળે તપાસ કરતા લોહીના ડાઘ તેમ જ અન્ય અવશેષો મળી આવ્યા હતા, જેના આધારે પોલીસે નિલેશ જોશીની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી હતી.



અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી ગ્રામ્ય ની કચેરી ના કમેચારી તથા નવાપુરા ગવેમેન્ટ હાઈસ્કૂલ ના પ્રિન્સીપાલ સી પી જાડેજા સાહેબ ની લિબંડી તાલુકાની સરકારી શાળામાં પ્રમોશન સાથે બદલી થતાં વિદાય સમારંભ યોજાયો હતો જેમાં આચાર્ય શ્રી ને ભેટ સોગાદ ને મુમેનટ આપતા જોવા મળે છે ત્યારે આ શાળા નો ચાર્જ જયેશભાઈ નાયી સાહેબ ને સોંપવામાં આવેલ છે

# શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં SGVP સંચાલિત 'દર્શનમ' સંસ્કૃત સંસ્થાનના 'દર્શનમ' રિસર્ચ સેન્ટર અને સ્માર્ટ ક્લાસનો ઉદ્દ્ઘાટન પ્રસંગ યોજાયો

'દર્શનમ' શિક્ષણ, સંસ્કૃતિ અને કળાનો સુભગ સમન્વયઃશ્રી જીતુભાઈ વાઘાણી

સંસ્કૃત સહિત વેદો, યજ્ઞ વિધિ-વિધાન અને અનેકવિધ આધુનિક વિષયોનું જીવનલક્ષી શિક્ષણ થકી વિદ્યાર્થીઓ ખરા અર્થમાં સર્વાંગી વિકાસ સાધે છેઃ શ્રી જીતુભાઈ વાઘાણી

આજરોજ SGVP ગુરુકુલ છારોડી ખાતે 'દર્શનમ' સંસ્કૃત સંસ્થાનના રિસર્ચ સેન્ટર, સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ, લેન્ગ્વેજ લેબ અને ખગોળ-ભૂગોળ લેબનું શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના વરદહસ્તે ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું.

આ પ્રસંગે શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સંસ્કૃત ભાષા અને સંસ્કારસભર સભ્યતા તાણાવાળાની જેમ વણાયેલા છે. વેદોના અધ્યયનથી ઘણીખરી જીવનલક્ષી સમસ્યાઓનું સુચારુ સમાધાન શક્ય બને છે. સંસ્કૃત ભાષાના મહત્વને SGVP અને 'દર્શનમ' સંસ્કૃત મહાવિદ્યાલયે સુપેરે સમજ્યું છે. આજે અહીં સંસ્કૃત વિષય અને યજ્ઞ વિધિ-વિધાનના પ્રાયોગિક શિક્ષણ અને પરંપરાગત અધ્યયન ઉપરાંત અંગ્રેજી ભાષા, કોમ્પ્યૂટર, સંગીત, યોગ,સ્વિમિંગ તેમજ વિવિધ રમત-ગમતોની સઘન તાલીમ દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર અને જીવન ઘડતર માટે તૈયાર કરવામાં આવે છે. પ્રાચીન અને આધુનિક વિષયોના જીવનલક્ષી શિક્ષણ થકી વિદ્યાર્થીઓ ખરા અર્થમાં સર્વાંગી વિકાસ સાધે છે.

આ પ્રસંગે જીર્ફ઼ના સ્વામી માધવપ્રિયદાસજીએ જણાવ્યું કે, સંસ્કૃત વિશ્વધર્મની ભાષા છે. ગ્રીક ,રોમન , લેટિન જેવી અનેક પ્રાચીન સંસ્કૃતિઓ અને અનેક ભાષાઓનું મૂળ આપણી દેવભાષા સંસ્કૃતમાં છે. SGVP ના પ્રાંગણમાં શરૂ થઈ રહેલું આ રિસર્ચ સેન્ટર ખાલી ભાષાકીય રિસર્ચ સેન્ટર ના બની રહે અને જ્ઞાન વિજ્ઞાનની ક્ષિતિજોને ઉજાગર કરે એ માટે સંસ્થા કટિબદ્ધ રહેશે. આ રિસર્ચ સેન્ટર દ્વારા પ્રાચીન શાસ્ત્રોમાં છૂપાયેલા જ્ઞાન થકી સમાજની સમસ્યાઓ અને વૈજ્ઞાનિક રહસ્યોના નિવારણ માટે સંશોધન કરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ઋષિકુમારોના સર્વાંગી વિકાસ માટે સંસ્કૃત વિદ્યાલયને ૨૧મી સદીને અનુરૂપ આધુનિક બનાવવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવ્યો છે, જેમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત રિસર્ચ સેન્ટર, સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ, લેન્ગવેજ લેબ, ખગોળ-ભૂગોળ લેબ વગેરેનું નિર્માણ થયું છે.મસંચાલિત 'દર્શનમ' સંસ્કૃત મહાવિદ્યાલયમાં ધોરણ ૬થી આચાર્ય કક્ષા સુધીના વિદ્યાભ્યાસની સાથે રહેવા જમવાની સુવિધાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે, જેમાં ૧૮૦ જેટલા ઋષિ કુમારો તથા ૩૫ સંતો- પાર્ષદો વિદ્યાભ્યાસ કરી રહ્યા છે. દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલયમાં દક્ષિણ ભારત, મહારાષ્ટ્ર ,ઓરિસ્સા તથા ગુજરાતના પ્રકાંડ પંડિતો સેવા આપી રહ્યા છે. આ મહાવિદ્યાલય ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને મહર્ષિ સાંદિપની વેદ વિદ્યા પ્રતિષ્ઠાનમ્ (ઉજ્જૈન) દ્વારા માન્યતા પ્રાપ્ત મહાવિદ્યાલય છે. 'દર્શનમ' ગુજરાતની એકમાત્ર એવી પાઠશાળા છે જ્યાં ચારેય વેદોનો અભ્યાસ થઈ રહ્યો છે. અહી કુલ ૫૦ ઋષિ કુમારો સંપૂર્ણ વેદોનું કંઠસ્થીકરણ સાથે અભ્યાસ કરી રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.